Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૭૫
તા.૧૪-૧૧-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૨ સૂર્યાસ્ત : ૦૫:૫૬
તાપમાન
ડીસા ૧૭.૫ | વડોદરા ૧૫.૪
અમદાવાદ ૧૫.૫ | સુરત ૧૭.૪
ગાંધીનગર ૧૩.૫ | નલિયા ૧૬.૦
ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

આજે ગુજરાત વિધાનસભા ચૂંટણીનું જાહેરનામું

વિચાર વૈભવ...

દુકાળ પડે ત્યારે કોદરા મોંઘા

પ્રતિષ્ઠાનો બોજ લઈને વર્ષોથી ચાલ્યા કરું છું. અતિશય લાંબી માલગાડીના એન્જિનની માફક ક્યારેક હાંફ ચઢે છે. રઝળપાટનો ક્યાંય અંત દેખાતો નથી. ઋતુનાં આવર્તનો હવે કોઠે પડી ગયાં છે. હવે વર્ષા ભીંજવી શકતી નથી, ગ્રીષ્મ પ્રજાળી શકતી નથી અને હેમંત થથરાવી શકતી નથી.

લપસણી લીલ પર ઉભો છું તો ય લોકો મને સ્થિર ઊભેલા માણસ તરીકે જુએ છે. દોરડી બળે ત્યારે રહી જતી રાખોડીનો કોઈ વળ નથી હોતો. જીવનની બધી આંટીઘૂંટીઓ સ્મશાન ભસ્મ સાથે નદીના પાણીમાં વહી જાય છે. એક નિઃશેષ ભાગાકારનો દાખલો પૂરો થાય છે. અપૂર્ણ માણસોએ જ અપૂર્ણાંકની શોધ કરી હોય એમ જણાય છે.

કલપ લગાડીને એ પોતાના વાળની શ્યામલ પ્રતિષ્ઠા જાળવી રાખવા મથે છે. ચોકઠું પહેરીને એ પોતાના ચહેરાની ઈજ્જત માંડ જાળવી રાખે છે. સ્મિત વેરીને પોતાના ગુસ્સાને બદનામ થતો બચાવી લે છે. કહે છે કે સૂર્યને ઘણીવાર પોરો ખાવાનું મન થાય છે. એ બિચારો એમ નથી કરી શકતો કારણ કે નિયમિતપણાની સદીઓથી જામેલી પ્રતિષ્ઠા ગુમાવવા એ તૈયાર નથી.

ઘડિયાળનું લોલક અટકી જાય તો ય કાળ અટકતો નથી. વહેતો જ રહે છે કારણ કે 'અનાદિ' અને 'અનંત' જેવાં વિશેષણો દ્વારા મળેલી પ્રતિષ્ઠા એ ટકાવી રાખવા માગે છે. લાંબી માલગાડીનું એન્જિન જીવનભર હાંફતું રહે છે. ગાલની પ્રતિષ્ઠા જળવાઈ રહે તે માટે તમાચા ખાનારા આ જગતમાં ઓછા નથી.

- ગુણવંત શાહ

જાહેરનામાની સાથે જ ચૂંટણી પ્રચાર વધુ તીવ્ર બનશે : ગુજરાતમાં પ્રથમ તબક્કામાં કુલ ૮૯ બેઠક ઉપર મતદાન થશે : ૨૧મી સુધી ઉમેદવારીપત્ર ભરાશે

અમદાવાદ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને પ્રથમ તબક્કા માટે જાહેરનામું આવતીકાલે બહાર પાડવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજયમાં આગામી માસમાં ૯ તેમજ ૧૪ ડીસેમ્બર એમ બે તબકકામા વિધાનસભાની સામાન્ય ચુંટણી માટે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે એ અગાઉ પ્રથમ તબકકામાં જે ૮૯ જેટલી બેઠકો માટે મતદાન ૯ ડીસેમ્બરના રોજ હાથ ધરવામા આવશે આ બેઠકો માટે આવતીકાલે મંગળવારના

રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવશે. રાજય ચુંટણી પંચ દ્વારા આવતીકાલે મંગળવારે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવ્યા બાદ ૧૪ થી ૨૧ નવેમ્બર દરમિયાન ઉમેદવારી પત્ર ભરી શકાશે. જયારે ૨૨ નવેમ્બરના રોજ ઉમેદવારી પત્રની ચકાસણી કરવામા આવશે.૨૪ નવેમ્બર સુધીમા ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે.આ બેઠકો પર ૯ ડીસેમ્બરના રોજ મતદાન હાથ ધરવામા આવશે. બીજા તબક્કામાં ૯૩ બેઠકો માટે જાહેરનામુ ૨૦ નવેમ્બરના રોજ બહાર પાડવામા આવશે. પહેલા તબકકામાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવ નગર, બોટાદ. નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડની ૮૯ બેઠકોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫મી ઓક્ટોબરના દિવસે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી.

આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે.

ભાજપના વર્તમાન ધારાસભ્યો પૈકી અનેકની ટિકિટ કપાય તેવી શક્યતા

મોદી અને અમિત શાહ જુની ફોર્મ્યુલા અજમાવે તેવી અટકળો

નવી દિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુકાઈ ગયા બાદ હવે તમામની નજર ઉમેદવારોની પસંદગીને લઈને કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપમાં ઉમેદવારોની યાદીને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આ વખતે પણ આક્રમક રણનિતી તૈયાર કરવામાં વ્યસ્ત છે. ઘણા વર્તમાન ધારાસભ્યો માની રહ્યા છે કે મોદી અને અમિત શાહ શાસન વિરોધી પરિબળોને રોકવા માટે તેમની વર્તમાન ધારાસભ્યોને ટિકિટ નહી આપવાની ફોર્મ્યુલાને ફરી એકવાર અજમાવશે. જો કે કેટલાક એમ પણ માની રહ્યા છે કે હવે સંજોગો જુદા પ્રકારના બેસી રહ્યા છે. મોદી અને શાહ પોતાની જુની અને સફળ ફોર્મ્યુલા ફરી એકવાર અજમાવી શકે છે. જો કે, રાજયના નવા રાજકીય સમીકરણની સ્થિતિ વચ્ચે નવી રણનીતિ ઉપર પણ વિચારણા કરવામાં આવ શકે છે. એકબાજુ પાટીદાર નેતા હાર્દિક પટેલ, ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર અને દલિત નેતા જિગ્નેશ મેવાની કોંગ્રેસ સાથે દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં આ અસંતુષ્ટ લોકો ભાજપની સામે નવા પડકારો ઉભા કરી રહ્યા છે. નવા ઉભા થઈ રહેલા પડકારો વચ્ચે ભાજપ કેટલીક બેઠકો પર નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે.

મોદી અને ભાજપને જનતા ઓળખી ગઈ છે : રાહુલ

નોટબંધીમાં મોદીએ દેશના પ્રમાણિક લોકોને લાઈનમાં લગાવ્યા અને તમામ ચોરોના કાળા નાણાંને પાછલા બારણે સફેદ કરી નાંખ્યા

અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉત્તર ગુજરાતના તેમના ચૂંટણી પ્રવાસના આજે ત્રીજા દિવસે પાટણ, હારીજ, બહુચરાજી, મહેસાણા અને વિસગનર સહિતના સહિતના સ્થળોએ જાહેરસભા દરમ્યાન નોટબંધી- જીએસટી, શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીને લઈ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર ચાબખા વરસાવ્યા હતા. રાહુલ ગાંધીએ ભારે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, ભાજપ કંઈપણ કરે પરંતુ ગુજરાતની જનતાએ આ વખતે પરિવર્તનનું મન બનાવી લીધું છે અને ડિસેમ્બરમાં ગુજરાતની જનતાની કોંગ્રેસની સરકાર આવશે તે નક્કી છે. રાહુલે ગુજરાતીમાં કહ્યું કે, ડિસેમ્બરમાં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવે છે ત્યારે ઉપસ્થિત વિશાળ જનમેદનીએ રાહુલના આ એલાનને તાળીઓના ગડગડાટ અને ચિચિયારીઓ સાથે વધાવ્યું હતું. રાહુલે જણાવ્યું કે, માત્ર જૂઠ્ઠાણાંઓ ચલાવતાં અને લોકોની લાગણીઓ સાથે રમત રમતા નરેન્દ્ર મોદી અને ભાજપને ગુજરાત સહિત દેશની જનતા હવે ઓળખી ગઈ છે અને તેથી હવે ગુજરાતમાં બદલાવ આવી રહ્યો છે અને ડિસેમ્બરમાં કોંગ્રેસની સરકાર જ બનશે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં ગુજરાતમાં ભ્રષ્ટાચાર, શોષણ અને અત્યાચાર ચરમસીમાએ છે. મોદીજી તેમના મનની વાત જનતાને કરે છે પરંતુ અમે અમારા મનની વાત નહી કરીએ. આ વખતે ડિસેમ્બરમાં કોંગ્રેસની સરકાર બનવાની છે અને અમે જનતાના મનની વાત સાંભળીશું અને તેના બળના સહારે ગુજરાતની જનતાની સરકાર ચલાવીશું. તેમણે ઉમેર્યું કે, મોદીજી કહેતા હતા કે, ના ખાઉંગા, ના ખાને દૂંગા પરંતુ હવે જય શાહ અને વિજય રૂપાણીના મામલે મોદીજી કંઈ બોલતા નથી અને બોલવા પણ દેતા નથી, તેથી હવે સૂત્ર બદલાઈ ગયુ છે કે, ના બોલુંગા, ના બોલને દૂંગા.

મોદી નવા ભારતને નિર્માણ માટે દિનરાત કામો કરી રહ્યા છે : ટ્રમ્પ

ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મોદીની સફળ વાતચીત

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, ભારતને સંપૂર્ણપણે બદલી નાંખવાનું કામ અભૂતપૂર્વ સ્તરે ચાલી રહ્યું છે. મનીલામાં આશિયાન સંમેલનને સંબોધતા તેમણે કહ્યું હતું કે, સરળ, અસરકારક અને પારદર્શી શાસન આપવા માટે સરકાર દિનરાત એક કરી રહી છે. આ ગાળા દરમિયાન મોદીએ ભારતીય અર્થવ્યવસ્થામાં સુધારા માટે લેવામાં આવેલા પગલા અંગે પણ વાત કરી હતી. સાથે સાથે આ દિશામાં મળેલી સફળતાની પણ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતની એટ ઈસ્ટ પોલિસીના કારણે આ ક્ષેત્ર (આશિયાન) પ્રાથમિકતાના કેન્દ્રમાં છે. મોદીએ પોતાની સરકારમાં મૂળ મંત્રનો પણ ઉલ્લેખ પણ કર્યો હતો અને કહ્યું હતુ કે, સરકારે મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ ઉપર ભાર મુક્યો છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૧૨ કાયદાઓને રદ કરી દેવામાં આવ્યા છે. મોદીએ જનધન યોજનાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, ભારતમાં મોટી સંખ્યામાં લોકો પહેલા બેંકિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા ન હતા.

કેટલાક મહિનામાં જનધન યોજના મારફતે ચિત્ર બિલકુલ બદલાઈ ગયું છે. લાખોની જિંદગીમાં ફેરફાર થયા છે. ભારતમાં ડિજિટલ લેવડદેવડમાં વધારો થયો છે. સરકાર લોકો સુધી પહોંચવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. અમે ભારતને ગ્લોબલ મેન્યુ ફેક્ચરિંગ હબ બનાવવા ઈચ્છુક છીએ. દેશને યુવાનો માટે જોબ ક્રિએટર બનાવવા ઈચ્છુક છીએ. ભારતના અર્થતંત્રમાં મોટાભાગના સેક્ટર વિદેશી રોકાણ માટે ખુલ્યા છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે એશિયન સમિટના ભાગરુપે બેઠક યોજી હતી.

સાર સમાચાર...

જીએસટી : હવે ૫ -૧૨ ટકાના સ્લેબમાં પણ ફેરફારો થઈ શકે

નવી દિલ્હી

જીએસટીમાં ફેરફારના આગામી તબક્કામાં હવે ઓચા રેટના સ્લેબ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. હવે પાંચ અને ૧૨ ટકાના સ્લેબમાં ફેરફાર કરવા માટેની તૈયારી કરવામાં આવી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જીએસટીમાં રેટ્સના સ્લેબને બે અથવા તો ત્રણ સુધી મર્યાદિત કરવામાં આવી શકે છે. જીએસટી વ્યવસ્થામાં કેટલાક અંશે સ્થિરતા આવી ગયા બાદ કેટલીક નવ હિલચાલ હાથ ધરવામાં આવનાર છે. ગયા સપ્તાહમાં કરવામાં આવેલા ફેરફારથી મહેસુલની સ્થિતી વધારે સ્પષ્ટ થયા પછી જ આગામી ફેરફાર કરવામાં આવનાર છે. ઈન્ડસ્ટ્રીઝ પાસેથી મળેલા ફિડબેકના આધાર પર કાયદાકીય બાબતો, નિયમો અને પ્રક્રિયાને વધારે સરળ બનાવી શકાશે.

ડીસામાં રાંધણગેસના બાટલા લઈ ગ્રાહકો પ્રાંત કચેરીએ દોડી આવ્યા

ગેસ એજન્સી દ્વારા હોમ ડિલિવરી ન અપાતા ગ્રાહકો પરેશાન

ડીસા

ડીસા શહેરમાં એચ.પી. ગેસના ગ્રાહકો છેલ્લા ઘણાં સમયથી સિલિન્ડર મેળવવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. કંપની દ્વારા એજન્સી પરથી સિલિન્ડર નહિ આપવાનો પરિપત્ર કર્યો છે પરંતુ એજન્સી દ્વારા પાંચ-પાંચ દિવસ સુધી હોમ ડિલિવરી આપવામાં આવતી નથી જેથી સિલિન્ડર મેળવવા ગ્રાહકોને ખૂબ પરેશાની ભોગવવી પડતી હોય સોમવારે ૧૦ જેટલા ગ્રાહકો ગેસ સિલિન્ડર લઈને પ્રાંત કચેરી દોડી આવ્યા હતા.

ભરત સુંદેશા

ડીસા શહેરમાં એચ.પી. ગેસ એજન્સી ખુશ્બૂ ગેસ એજન્સી દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગ્રાહકોને સિલિંડર આપવા ભારે બેદરકારી રાખવામાં આવી રહી છે.અગાઉ ગ્રાહકોને એજન્સી પરથી રૂબરૂમાં સિલેન્ડરની ડિલીવરી આપવામાં આવતી હતી પરંતુ કંપની દ્વારા માત્રને માત્ર હોમ ડિલિવરી કરાવવાનો જ પરિપત્ર કરાયો છે. જેથી એજન્સી દ્વારા રૂબરૂમાં સિલિન્ડર આપવામાં આવતા નથી તો બીજી તરફ કંપની દ્વારા ૨૪ કલાકમાં ગેસની હોમ ડીલેવરી કરવાનો પરિપત્ર હોવા છતાં પાંચ-પાંચ દિવસ સુધી હોમ ડિલિવરી એજન્સી દ્વારા કરવામાં આવતી ન હોઈ ગ્રાહકો પરેશાન થઈ ઉઠયા છે. વારંવાર રજુઆત કરવા છતાં પણ આ સમસ્યાનો અંત ના આવતા રવિવારે ૧૦થી વધુ ગ્રાહકો સિલિન્ડર લઈ પ્રાંત કચેરી પહોંચ્યા હતા. જોકે પ્રાંત અધિકારી હાજર ન હોય કચેરી સ્ટાફ દ્વારા તેઓને મામલતદાર કચેરી મોકલવામાં આવ્યા હતા. મામલતદાર દ્વારા આ બાબતે એજન્સી ધારકને હોમ ડિલિવરી ઝડપથી આપવા જણાવવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

ચૂંટણીને લઈ ગંદી રાજનીતિ શરૂ કરાઈ: હાર્દિકનો આક્ષેપ

અમદાવાદ

હાર્દિક પટેલના એક યુવતી સાથેના વાયરલ થયેલા વીડિયોબોંબના ખળભળાટ બાદ હાર્દિક પટેલે આ સમગ્ર મામલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, આમાં કંઈ નવું નથી કે ચિંતાનો વિષય નથી. મેં પહેલાં જ કહ્યું હતું કે, આવા મોર્ફ વીડિયો ફરતા થશે. ચૂંટણીને લઈ હવે ગંદી રાજનીતિની શરૂઆત થઈ ગઈ છે. નારી સન્માન સાથે ચેડા થઈ રહ્યા છે તે વાતનું દુઃખ છે. મને આવા વીડિયોથી કોઈ ફેર પડતો નથી. હું પણ હવે રીઢો પોલીટીશીયન છું. સમાજના હિત અને ન્યાય માટે લડવા નીકળ્યો છું. છાતી ઠોકીને કહું છું કે, ભાજપ સામે લડીશું. હાર્દિક પટેલે ભાજપ પર સીધુ નિશાન તાકતાં વધુમાં જણાવ્યું કે, હાર્દિકના પૂતળા સગળાવવામાં આવશે તેવા કમલમમાંથી આદેશ છે, મહિલાની જાસૂસી, હત્યા જેવા કામો આ લોકો કરે છે.

થરાદના હર્ષ બંગલોઝમાંથી ૧.૨૮ લાખની ઘરફોડ ચોરી થતાં ચકચાર

બંધ મકાનમાંથી રોકડ અને દરદાગીના ચોરી ગયા:જાણ ભેદુ હોવાની આશંકા

થરાદ

થરાદ શહેરના હર્ષ બંગ્લોઝમાં એક રાત્રી માટે રેહલા બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ રોકડ અને દરદાગીના મળીને ૧.૨૮લાખની મત્તાની ચોરીને અંજામ આપી શિયાળાની શરૂઆતના પ્રારંભે જ પોલીસને પડકારતાં પોલીસ દોડતી થઈ હતી.બનાવથી શહેરમાં ભય અને ફફડાટની લાગણી ફેલાવા પામી હતી. થરાદના હર્ષ બંગ્લોઝમાં રહેતા અને બસસ્ટેશન નજીક હનુમાન ગોળાઈ પાસે ફળફ્રુટની લારી ધરાવતા કનકભાઈ નારણભાઈ ઠક્કર ગત શનિવારના રોજ પાલનપુર પોતાના સગાને ત્યાં મળવા માટે ગયા હતા.આ

વિષ્ણુ દવે

દરમ્યાન તેમના બંધ રહેલા મકાનના દરવાજાનાં તાળાં તોડી રૂમમાં રહેલી ચાવીઓની મદદથી તીજોરી ખોલી સોનાના મંગળસુત્ર, પેન્ડલ, બુટી, જુડા, ૭૫૦૦૦ હજારની ત્રણ તોલાની ચેન તથા ૫૦૦ ગ્રામ ચાંદી રૂપીયા ૧૭૦૦૦ મળીને રૂપીયા ૧.૦૩ લાખના દાગીના અને પતરાના ડબ્બામાં

અનુસંધાન પાના નં.૬

બેસણું (બપોરો)

અમારા પૂ. પિતાશ્રી
હીરાભાઈ મહાદેવભાઈ ચૌધરી
તા.૧૨/૧૧/૨૦૧૭ ને બુધવારના
રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને
ગમ્યું તે ખરૂં, સ્વ.નું બેસણું
(બપોરો) તા.૧૫/૧૧/૨૦૧૭ ના
રોજ અમારા નિવાસસ્થાને સમાજના
રીતરિવાજ મુજબ રાખેલ છે.

સ્વ.હીરાભાઈ મહાદેવભાઈ ચૌધરી
સ્વ.તા.૧૨/૧૧/૨૦૧૭

સ્થળ : અધગામ - ફાર્મ હાઉસ, વીડની વાટ (નહેરની વાટ), તા.કાંકરેજ, જિ.બ.કાં.

લિ.
ચૌધરી ભગવાનભાઈ હીરાભાઈ - પુત્ર
ચૌધરી અશોકભાઈ હીરાભાઈ - પુત્ર
ચૌધરી વેલાભાઈ અણદાભાઈ - ભત્રીજા
ચૌધરી શીવાભાઈ દઝાભાઈ - ભત્રીજા
ચૌધરી દાંનાભાઈ અણદાભાઈ - ભત્રીજા
ચૌધરી તેજાભાઈ અણદાભાઈ - ભત્રીજા

તથા સમસ્ત પાયા પરિવાર

સૂર્યોદય - ૬.૫૨ સૂર્યાસ્ત - ૫.૫૬

તિથિદર્શન

કારતક વદ-૧૧ મંગળવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ :અગીયારસ મંગળવાર નક્ષત્ર:ઉ.ફાલ્ગુની બપોરે ૧૨.૩૬ પછી હસ્ત યોગ : વિષ્કુંભ કરણ: બાલવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

પરીવાદસ્તથ્યો ભવતિ વિતથો વાપિ મહતા
તથાપ્યુ ચૈ ર્ધામ્નો હરતિ મહિમાનં જનરવ:
તુલોત્તીર્ણ સ્થાપિ પ્રકટિત હતા શેષ તમસો
ખેસ્તાદ કતેજો નહિ ભવતિ કન્યાં તવવત:

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક છે:

પરિવાર -વિવાદ અથવા કલંક-બાળ તથ્યવાળું હોય કે ખોટું પણ હોય, તોપણ, તે વિશેનો લોકાપવાદ- હોબાળો- ચર્ચા- મહાન- તેજસ્વી માણસના મહિમાને થોડીઘણી પણ ઝાંખપ તો પહોંચાડે જ છે, મહત્વને અસર કરે જ છે.

આ વાતના સમર્થનમાં શ્લોકના બીજા અર્ધભાગમાં જ્યોતિષ વિષયક આધારિત દૃષ્ટાંત આપી સમજાવતાં કહ્યું છે કે સૂર્ય જયારે કન્યા રાશિમાં રહ્યો હોય ત્યારે -વાદળિયા વાતાવરણને કારણે એટલો પ્રકાશિત થઈ શકતો નથી (અથવા સૂર્યના કન્યાગામીપણાને કારણે લોકાપવાદનું ખોટું કલંક તેના પર આવવાથી લાગેલ ઝાંખપ).તે જયારે તુલા રાશિનો થાય ત્યારે નિરભ્ર આકાશમાં ફરી પ્રકાશિત થાય છે. ત્યારે બધાં કલંકનાં વાદળો દૂર થઈ જાય છે. જેમ અમિતાભ બચ્ચન બોફોર્સમાં, શ્રી મનમોહનસિંઘ કોલસામાં, શ્રી સંજીવ જોષી સીડીકાંડમાં પ્રથમ તો કલંકિત થાય જ પણ જયારે અસત્યનાં વાદળ વીખરાય ત્યારે ફરી પોતાનો મહિમા- મહત્વને ધારણ કરી લે છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) નવું સાહસ ટાળવું હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે.

વૃષભ : (બ.વ.ઉ.) અગત્યના કાર્યમાં સફળતા મળે. વડીલવર્ગથી લાભ રહે.

મિથુન : (ક.છ.ઘ.)વાણીસંયમ જાળવવો હિતાવહ. નાનો પ્રવાસ થાય.

કર્ક : (ડ.હ.))જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.જીવનસાથીથી સંઘર્ષ ટાળવો.

સિંહ : (મ.ટ.) યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.

કન્યા : (પ.ઠ.ણ.) અણધાર્યો ધન લાભ થાય. શત્રુ નમતા આવે.

તુલા : (ર.ત.) ખોટા ખર્ચના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. ગૃહવિવાદ ટાળવો.

વૃશ્ચિક :(ન.ય.) માનસિક વ્યથા અનુભવાય. લાભની તક હાથમાંથી સરી જાય.

ધન : (ભ.ફ.ધ.)પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ક્રોધ ટાળવો હિતાવહ.

મકર : (ખ.જ.)માંગલિક કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.

કુંભ : (ગ.શ.સ.) આરોગ્ય અંગે સંભાળવું. મનની મુરાદ બર ન આવે.

મીન : (દ.ચ.જ.થ.)અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. ખર્ચનો પ્રસંગ બને.

દશનામ ગોસ્વામી વિકાસ મંચ પાલનપુર દ્વારા આર્થિક સહાયના ચેકો અર્પણ કરાયા

તા.પ્રતિનિધિ વડગામ

દશનામ ગોસ્વામી સમાજ વિકાસ ટ્રસ્ટ પાલનપુર દ્વારા તાજેતરમાં વરવાડીયા, પટોસણ ગામે મૃત્યુ સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું. અંદાજે રૂપિયા ૭૬૦૦૦/- ની મૃત્યુ સહાય ચુકવાઈ હોવાનું અગ્રણી જીવણભારથી ગોસ્વામી (જગાણા) એ જણાવ્યું હતું. ચેક વિતરણ પ્રસંગે પ્રમુખ રતુભારથી ગોસ્વામી (વણસોલમઠ), સહિત સમાજના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

તા. ૧૪.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૩૩૦ તેમજ બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી....!!!

તા. ૧૩.૧૧.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૬૪ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૨૩૦ પોઈન્ટ થી ૧૦૨૦૨ પોઈન્ટ, ૧૦૧૯૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તા. ૧૩.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૪૫૭ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૫૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૩૮૮ પોઈન્ટ થી ૨૫૩૦૩ પોઈન્ટ, ૨૫૨૫૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

HDFC લિમિટેડ (૧૬૭૯) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૪૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૯૨ થી રૂ.૧૬૯૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૦૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૬૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૩૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૮૨ થી રૂ.૧૬૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

મહેન્દ્રા - મહેન્દ્રા (૧૪૧૮) :- રૂ.૧૪૦૪ પ્રથમ તેમજ રૂ.૧૩૯૩ ના બીજા સપોટ-’થી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૩૭ થી રૂ.૧૪૪૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૩૧૬) :- સિમેન્ટ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૩૩૩ થી રૂ.૧૩૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૨૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૮૭૯) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૬૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! રિફાઇનરી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૯૩ થી રૂ.૯૦૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

ડો. huœe (૨૩૪૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૩૮૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૩૦૯ થી રૂ.૨૨૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૪૦૪ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

એશિયન પેઈન્ટ (૧૧૭૪) :- રૂ.૧૧૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૦૯ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૫૬ થી રૂ.૧૧૪૦ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૨૧૨ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

કોટક બેન્ક (૯૯૯) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૧૯ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૮૪ થી રૂ.૯૭૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

ઈન્ફોસિસ (૯૫૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૪૦ થી રૂ.૯૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૮૯ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

લ્યુપિન લિમિટેડ (૮૩૦) :- રૂ.૮૪૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૫૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૧૮ થી રૂ.૮૦૮ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૮૬૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

અમીરગઢ બોર્ડર પરથી પિસ્ટોલ સાથે એક યુવક ઝડપાયો

પાલનપુર

નીરજકુમાર બડગુજર પોલીસ અધિક્ષક બનાસકાંઠા, પાલનપુરનાઓએ આગામી વિધાનસભાની ચૂંટણીઓ અન્વયે જિલ્લાને સ્પર્શતી બોર્ડરો ઉપર ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઈસમો ઉપર કડક કાર્યવાહી કરવા તથા બોર્ડરની ચેકપોસ્ટ ઉપર અર્ધ મિલિટરીના જવાનો સાથે સઘન વાહન ચેકિંગ કરી જિલ્લામાં સાનુકૂળ માહોલમાં ચૂંટણીઓ યોજાય તથા કોઈ ગુનાહિત બનાવો ના બને તે માટે અમલવારી કરવા સૂચના કરતા તેઓસાની સૂચના તથા એચ.કે.વાઘેલા નાયબ પોલીસ અધિક્ષક ડીસા તથા ડી.ડી.ગોહિલ સીપીઆઈ ડીસાનાઓની સીધી દોરવણી હેઠળ પી.સી. દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અમીરગઢ પોસ્ટએ પીએસઆઈ પી.જી. રાજપૂત તથા સ્ટાફના માણસો રમેશભાઈ, અમરાભાઈ હસમુખ દાન, લવજીભાઈ, હસમુખભાઈ, બલવંતસિંહ, રોહિતભાઈ વિગેરે માણસો અમીરગઢ બોર્ડર ઉપર પીએસઆઈ પી.સી. દેસાઈને મળેલ બાતમી હકીકત આધારે વાહન ચેકિંગ કરતા આબુરોડ તરફથી એક નંબર વગરના બજાજ પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ યુવકને રોકાવતા તે યુવક પોલીસ ચેકિંગ જોઈ મોટર સાયકલ મૂકી નાસવા જતા તેને કોર્ડન કરી પકડી લીધેલ અને તેની અંગજડતીમાં તેની પાસેના થેલામાંથી એક ઓટોમેટિક દેશી બનાવટની પિસ્ટોલ જે કારતુસ સાથે લોડેડ હોય તાત્કાલિક તેને સેફ કરી કબ્જે લીધેલ જે પિસ્ટોલ તથા કારતુસ કિરું.૫૧૦૦/- ના ગેરકાયદેસર પરમીટ વગરના હોય તે તથા મોબાઈલ ફોન નંગ-૨ કિરું.૫૫૦૦/- તથા રોકડ રકમ રૂ.૫૦૦/- તથા મોટર સાયકલ કિરું.૫૦,૦૦૦/- મળી કુલ રૂ.૬૧,૨૦૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પૂછપરછ કરી તેના પાસેથી મળી આવેલ પિસ્ટલ તથા કારતુસ ક્યાંથી લાવેલ તથા ક્યાં આપવાની છે તે બાબતે વધુ તપાસ હાથ ધરેલ છે.

વડગામ બેઠક ઉપર ઉમેદવારને લઈ ઘમાસાણ

વડગામ ભાજપમાં જુથવાદ ચરમસીમાએ વડગામ કોંગ્રેસ બળવાની સ્થિતિ

પ્રતિનિધિ છાપી

રાજ્ય વિધાનસભાની ચૂંટણીને લઈ ગણત્રીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે વડગામ બેઠક ઉપર સ્થાનિક અને આયાતી ઉમેદવારનો યક્ષ પ્રશ્ન બન્ને પક્ષોમાં માથાનો દુખાવા સમાન બન્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વડગામ બેઠક ઉપર કોંગ્રેસ પક્ષમાંથી વર્તમાન ધારાસભ્ય મણીભાઈ વાઘેલા ઉમેદવાર તરીકે નિશ્ચિત મનાઈ રહ્યા છે. પરંતુ વડગામ કોંગ્રેસમાં પણ ઉમેદવારને લઈ ‘અંડર કરંટ’ અને અસંતોષ ચરમ સીમાએ છે. વર્તમાન ધારાસભ્યને રાજ્યસભાની ચૂંટણીમાં પક્ષને વફાદાર રહેવા બાલ પક્ષ ટીકીટ આપી તેમની વફાદારીની કદર કરશે તે સુનિશ્ચિત મનાય છે. જો કે વડગામ કોંગ્રેસમાં ટીકીટને લઈ અન્ય દાવેદારો દ્વારા પણ પ્રદેશ કક્ષાએ ધારદાર રજુઆતો કરવામાં આવી છે. પ્રાપ્ત સુત્રો મુજબ કોંગ્રેસના અન્ય સ્થાનિક ટીકીટના દાવેદારોની ટીકીટ કપાશે તો અન્ય પાર્ટી અથવા અપક્ષમાં ઝંપલાવી ચૂંટણી લડવા તૈયારી બતાવી છે જો આમ થાય તો કોંગ્રેસ પાર્ટીની મુશ્કેલીઓ વધી શકે છે જયારે સામા પક્ષે ભાજપમાં આયાતી અને સ્થાનિકનો પ્રશ્ન પણ ‘ટોક ઓફ ધ ટાઉન’ બન્યો છે. ભાજપમાં સ્થાનિક લેવલે અશ્વિન સકસેના તેમજ વિજય ચક્રવર્તી વચ્ચે ટીકીટને લઈ સ્પર્ધા જામી છે. વડગામ ભાજપમાં એક જુથ અશ્વિન સકસેનાને ટીકીટ આપવા માંગ કરી રહ્યું છે. જયારે અન્ય જુથ વિજય ચક્રવર્તીને ટીકીટ આપવા ઠોસ રજુઆત કરી રહ્યા છે. જેથી હાલમાં વિજય ચક્રવર્તી ટીકીટની લાઈનમાં પ્રથમ હરોળમાં હોવાનું જણાઈ રહ્યું છે. જો કે ટીકીટને લઈ વડગામ બેઠક ઉપર કોંગ્રેસ અને ભાજપ બન્ને પાર્ટીઓમાં બળવાની સ્થિતિ થાય તો નવાઈ નથી.

બે વર્ષથી માયનોર ભુગર્ભ લાઈનમાં પાણીની રાહ જોતા જમડાના ખેડૂતો

થરાદ ઈઢાટા ડિસ્ટ્રીબ્યુટરી ઝીરો પોઈન્ટ જમડા લાઈનની ટાંકીઓમાં પાણી નહી આવતાં ધુળ ભરાઈ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

૨૦૧૫ના અંતમાં કામગીરી થવા છતાં પણ થરાદ તાલુકાના જમડા ગામની સીમમાંથી પસાર થતી ઈઢાટા ડિસ્ટ્રીબ્યુટરી ઝીરો પોઈન્ટ માયનોર ભુગર્ભ લાઈનમાં પાણી નહી આવતાં શોભાના ગાંઠીયા જેવી બની રહેલી ટાંકીઓ ધુળ ખાઈ રહી છે.પરિણામે પાણીથી વંચિત રહેલા ખેડુતોમાં પણ ભારોભાર રોષની લાગણી ફેલાયેલી જોવા મળી રહીછે.

નર્મદા વિભાગ દ્વારા થરાદ વાવ તાલુકાના ખેડુતોને જયાંથી નાની કેનાલો દુર છે એવા વિસ્તારોમાં સિંચાઈ માટે પાણી મળી રહે તે માટે ભુગર્ભ પાઈપલાઈન નાખીને કુવા પ્રકારની ટાંકીઓ બનાવવામાં આવી હતી.જોકે તેના લેવલીગ યોગ્ય નહી કરવામાં આવ્યા હોવાના કારણે સરકારના આ માટે ખર્ચવામાં આવેલા રૂપીયાનો લગભગ વેડફાટ જ થવા પામ્યોછે. થરાદના જમડા ગામની સીમમાં આવી ટાંકીઓ બનાવ્યાને બે વર્ષ થવા છતાં પણ ઈઢાટા ડિસ્ટ્રીબ્યુટરી ઝીરો પોઈન્ટ માયનોર ભુગર્ભ લાઈનમાં આજ સુધી પાણીનું એક ટીપુ પણ આવ્યું નથી.ખેડુત ભુરાભાઈ રાજપુતે જણાવ્યું હતુંકે ખેતરોમાં નવ જગ્યાએ ખેડુતોને સારૂ લગાડવા કુવાઓ બનાવવામાં આવ્યાછે.જેમાં પાણી નહી આવતાં તે અવાવરૂ બની ગયા છે.

અનુસંધાન પાના નં.૬

જમડામાં ટ્રકની ટક્કરથી જીવંત વિજવાયર તુટતાં અફરાતફરી

થાંભલો તુટતાં બે વાયર ભેગા થતાં ધડકાભડકા થયા

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના જમડા ગામમાં સોમવારની સવારના સુમારે એક ટ્રકની ટક્કરથી વિજપોલ તુટતાં ધડકાભડકા થવા પામ્યા હતા.આથી ગામમાં અફરાતફરીનો માહોલ મચવા પામ્યો હતો.વિજકંપની દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

થરાદના જમડા ગામમાં દુધ મંડળીના નવિન મકાનનું બાંધકામ ચાલતું હોઈ સોમવારની સવારના સુમારે એક આઈવા ટ્રક કપચી ઉતારવા માટે આવી હતી.જે ગામમાં જતા વિજપોલને ટકરાતાં થાંભલો તુટવા પામ્યો હતો.જેને કારણે બે જીવંત વિજવાયર ભેગા થતાં ધડાકાભડકા સાથે તુટી પડ્યા હતા.સવારે છ વાગ્યાના સુમારે બનેલી ઘટનાથી ગ્રામજનો પણ જાગી ગયા હતા.ગ્રામજનોએ સ્થળ પર દોડી આવી વિજડીપીએ જઈને લંગરીયાં ઉતારી ગામમાં આવતો વિજપ્રવાહ બંધ કર્યો હતો.જોકે સવારનો સમય હોવાના કારણે ગ્રામજનોની પાંખી ચહલપહલના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ટળવા પામ્યો હતો.જોકે વિજથાંભલો વચ્ચેથી ભાગી જવાના કારણે તેને તાકીદે બદલવાની માંગ ઉઠવા પામી હતી.વિજકંપનીને આ અંગે જાણ કરાતાં નવો વિજથાંભલો ઉભો કરી દેવાયો છે પણ તેના વાયર ખેંચવાની કામગીરી મંગળવારે હાથ ધરવામાં આવશે તેમ વિજકંપનીના હેલ્પર રાજુભાઈ ઠાકોરે જણાવ્યું હતું.

બ્રાહ્મણ સમાજના હિત અને સ્વાભિમાન માટે રાજ્યભરમાં મહાદેવ સેના રચાશે

પ્રતિનિધિ ગેળા

આજના પ્રવર્તમાન સમયમાં દરેક સમાજો પોતાના હિત માટે અલગ-અલગ નામથી સંગઠનો બનાવી કામ કરે છે અને કરવું પણ જોઈએ. કારણ કે કળિયુગમાં સંગઠન એજ શક્તિ છે પરંતુ ઘણીવાર મર્યાદાનું ઉલ્લંઘન થતાં સમાજ વિરૂધ્ધ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. વળી અવાજ ઉઠાવનાર સમાજોને ખુશ કરવા શાંત રહેલ સમાજો સાથે અન્યાય પણ કરવામાં આવતો હોવાથી સમયની માંગને ધ્યાનમાં રાખી તાલુકા કક્ષાએથી લઈને પ્રદેશ કક્ષા સુધીનું ‘‘મહાદેવ સેના’’ નામનું બિનરાજકીય સંગઠનની રચના કરવામાં આવશે. જે ગુજરાત રાજયમાં બ્રાહ્મણ સમાજના હિત અને સ્વાભિમાન માટે કામ કરશે. ગુજરાતની એકતા અને અખંડિતતા જળવાઈ રહે તેમજ કોમી વાતાવરણ પેદા થાય એવો કોઈ જ હેતુ નથી. આ સંગઠન માત્રને માત્ર બ્રાહ્મણ સમાજના હિત માટે કામ કરશે અને જે બ્રાહ્મણ સમાજ વિરૂધ્ધ ઝેર ઓકવાનુ કામ કરે છે આવા બ્રાહ્મણ સમાજને અપમાનિત કરવાનું ષડયંત્ર કરનાર તત્વો વિરૂધ્ધ જ કામ કરશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. આ સંગઠનને વધુમાં વધુ મજબુત બનાવવા યુવાનોને અપીલ કરવામાં આવી હતી.

અમદાવાદ : ઠંડા પવનોના લીધે ઠંડીનો ચમકારો

અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગર સહિત રાજયના જુદા જુદા ભાગોમાં ઠંડીની શરૂઆત થઈ ચુક છે. આજે એકાએક ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વહેલી સવારે ઠંડા પવનોના કારણે લોકોને ઠંડીનો અનુભવ થયો હતો. રાજ્યના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થઈ ચુક્યો છે. અમદાવાદ શહેરમાં આજે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી નોંધાયું હતું જયારે પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે વલસાડમાં ૧૩.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ અમદાવાદ માટેની સ્થાનિક આગાહી મુજબ આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેશે. કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરાઈ નથી. બીજીબાજુ એકાએક ઠંડીનો ચમકારો અનુભવાયા બાદ વહેલી સવારે સ્કૂલ જતા બાળકો ગરમ વસ્ત્રોમાં નજરે પડવા લાગી ગયા છે. ગરમ વસ્ત્ર બજારમાં પણ તેજી આવી ગઈ છે.

પાટણમાં સિવિલ બચાવો આંદોલનને સમર્થન

રાજુ ઠક્કર

પાટણની મુલાકાતે આવેલા કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ઐતિહાસિક રાણીની વાવ અને વીર માયા ટેકરીની મુલાકાત લીધી હતી ત્યારબાદ પાટણ શહેરની મધ્યમાં આવેલ સિવીલ હોસ્પિટલ ખસેડીને છેક ધારપુર લઈ જવાઈ છે. જેથી લોકોની આરોગ્ય સેવા છિનવાઈ છે જેના વિરોધમાં સિવિલ બચાવો જન આંદોલન ચલાવતા લાલેશ ઠક્કરની પણ મુલાકાત લઈ તેમના આંદોલનને સમર્થન આપ્યું હતું.

કાંકરેજ તાલુકાના ખસા ગામે ભૈરવદાદાના સ્થાનકે હવન યોજાયો

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ખસા ગામે આવેલ પ્રાચીન ભૈરવદાદાના સ્થાનકે શંકરભાઈ રામાભાઈ પટેલ સહકારી સામાજીક ભાજપ અગ્રણીને માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ પરિવાર દ્વારા ઝાઝાવાડા વાળીનાથ મહાદેવ તીર્થ - થરાના મહંત શ્રી ધનશ્યામ પુરીજી મહારાજ, થળી મહંત જગદીશપુરીજી મહારાજ, ઝેરીલા હનુમાન મંદિર - રાજપુરના મહંતશ્રી નિર્મલપુરીજી, વડાના પરા આશ્રમના માતાજીની પાવન નિશ્રામાં પરંપરાગત હવન યોજવામાં આવ્યો. આ પ્રસંગે કાંકરેજ, દિયોદર, ભીલડી સહિત આજુબાજુના વિસ્તારના આમંત્રીત ભાવિકભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભૈરવદાદાના દર્શન કરી સંતો - મહંતોના આશિર્વાદ લીધા. વિધાનસભા - ચૂંટણી ૨૦૧૭ ની ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા ચાલતી હોઈ અને કેટલાક શક્તિ પ્રદર્શન પણ કહેતા ત્યારે સહકારી રાજકીય આગેવાન અણદાભાઈ પટેલે જણાવ્યું હતું કે અમારા પરિવાર દ્વારા ભૈરવદાદાને હવન થયો છે મે વિધાનસભા - ૧૫ કાંકરેજ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે મારી ઉમેદવારી નોંધાવી છે. આ વિસ્તારની પ્રજા મારી ઉપર અતૂટ લાગણી ધરાવે છે. આ કોઈ શક્તિ પ્રદર્શન નથી. મારા ઘરનો ધાર્મિક કાર્યક્રમ હતો જેમાં લોકો દર્શનાર્થે આવી મારા પ્રત્યે લાગણી વ્યક્ત કરતા હોય તો તેમાં ખોટું શું છે મારા મિત્રો - શુભેચ્છકો તેમનો વિચાર રજુ કરી શકે છે. દરેક સમાજે મને કાંકરેજ વિધાનસભાની ટીકીટ મળે તો તન - મન થી કાર્ય કરવાની ખાત્રી આપી..

ડીસા તાલુકાની કંસારીની યુવતી પર સામુહિક દુષ્કર્મ આચર્યુ હોવાની ફરીયાદ

પીડીતાના પરિવારજનોએ સાત આરોપીઓ સામે ફરીયાદ નોંધાવી

ડીસા

ડીસા તાલુકાના કંસારી ગામની યુવતીને તેના પતિ સાથે મન મેળના હોઈ છેલ્લા એક વર્ષથી તેના પિયરમાં રિસામણે બેઠી હતી જે દરમિયાન તેને મલારામ વાગડા રહે.પાંચલા તા.સાંચોર (રાજસ્થાન) વાળા સાથે પરિચય થયો હતો. દરમિયાન તા.૪/૧૧/૨૦૧૭ ના રોજ મલારામ વાગડાએ યુવતીને ફોન કરી તેના ગામ આવવા જણાવ્યું હતું અને તે તેણીને ડીસા લેવા આવતો હોવાનું કહી બીજા લગ્ન માટે તારે છોકરા જોવાના છે તેમ કહી ગાડીમાં બેસાડી પાંચલા ગામે લઈ ગયો હતો. જ્યાં નરસિંહરામ જોરારામ ચૌધરી રહે.પ્રતાપપુરા તા.સાંચોર (રાજસ્થાન) વાળાએ પ્રતાપપુરા ગામે લઈ જઈ તેની ઉપર દુષ્કર્મ આચર્યુ હતું.

બાદમાં ત્યાંથી નીંબચ ગામે લઈ જઈ ફરીથી દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારબાદ તેણીને જબરજસ્તી ગાડીમાં બેસાડી મધ્યપ્રદેશના ખરગોન ગામે લઈ જઈ દીપારામ જોરારામ કાનળી રહે.વીરોલ તા.સાંચોરવાળાએ દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં યુવતીને પરત મુકી ગયા હતા. જ્યાં યુવતીએ આ સમગ્ર ઘટના વિશે તેના પરિવાર જનોને જાણ કરતાં તેઓએ ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે મલારામ વાગડા, નરસિંહરામ જોરારામ ચૌધરી, ડુંગરારામ જોરારામ ચૌધરી, દિપારામ જોરારામ કાંદળી, મનોજ આંજણા, કમલેશરામ જોરારામ કાંદળી અને લાલારામ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ઝી અનમોલ મોહક "લડ્ડુ" સાથે ચિલ્ડ્રન્સ ડે પર આવે છે

મુંબઈ : ચિલ્ડ્રન્સ ડે યુવાનો અને કિશોરોની ઊજવણી છે, એક યુવાન વ્યક્તિના આત્માની શુદ્ધતા જેને અનંત મસ્તી, નિશર્ત, તોફાની સાહસો અને ઉછેર પામવાના નિતાંત આનંદ સાથે અવારનવાર યાદ કરવામાં આવે છે.આ દિવસેબાળકોને એક આનંદદાયક ભેટ આપવા, ભારતની અગ્રણી FTA (Free to Air) ટેલિવિઝન ચેનલ, ઝી અનમોલ પોતાની નવી સીરિઝ-"લડ્ડુ"ના લોન્ચની ઘોષણા કરે છે. ૧૪મી નવેમ્બરના રોજ શરૂ થતો અને દર સોમવારથી રવિવાર સાંજે ૬:૩૦ કલાકે દર્શાવવા સાથે ઝી અનમોલ દર્શકોને બાળક ભૂત લડ્ડુ, એક એવું પાત્ર જેને બાળ અભિનેત્રી અર્શિયા મુખર્જી દ્વારા ભજવવામાં આવશે, સાથે રમતિયાળ "વાસ મારફત અભૂતપૂર્વ ચકડોળ પર લઈ જશે. શો પાંચ વર્ષની વયના એવા નિર્દોષ ભૂત લડ્ડુની આસપાસ ફરે છે. સોનાનું હૈયું ધરાવતું, પોમાળ, મિત્રતાપૂર્ણ ભૂત હંમેશા અન્યોને મદદ કરવા પ્રયાસ કરવા જતાં અવારનવાર તોફાન અને અપરાધ પણ કરી બેસે છે

તો એક સાહસપૂર્ણ પ્રવાસ માટે તૈયાર થઈ જાવ કેમ કે લડ્ડુ આ ચિલ્ડ્રન્સ ડે પર દેશભરના દર્શકોના ટેલિવિઝન સેટસની મુલાકાત લે છે.

સામાજીક સમરસતાના દાખલા રૂપ ભાજપના શશીકાન્ત પંડ્યાને ટીકીટ આપવા લોક માંગ

સામાજીક સમરસતાના મહામંત્રને સાકાર સ્વરૂપે જોવો હોય તો, શશીકાંતભાઈના 'અમરનાથ કોમ્પ્લેક્ષ'માં શ્રમજીવી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓનો લાભ લેવા આવતાં વિવિધ સમાજના ભાઈ - બહેનોને નિહાળો... શ્રમિક શબ્દની વ્યાખ્યા જ બદલી નાંખે છે, સર્વ સમાજના જરૂરતમંદ લોકો આવી જાય એવી જોગવાઈ કરાવી છે. પીડા અને ગરીબાઈને કોઈ એક સમાજ સાથે સંબંધ નથી. બધાંની પિડા સરખી છે. આ વાત શશીકાંતભાઈ બાળપણના અનુભવથી શીખ્યા છે .

શશીકાંતભાઈ બ્રહ્મ સમાજમાં જન્મના ગૌરવ સાથે ચાણક્ય કોચિંગ સેન્ટર દ્વારા બ્રહ્મા સમાજના યુવાનોને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાનું સચોટ માર્ગદર્શન અપાવીને જીપીએસસી સહિત વિવિધ પરીક્ષામાં સફળતામાં પ્રેરણારૂપ બન્યા હતા.

સામાજીક સમરસતા કેવો સજોડ શબ્દ છે. ડો.કેશવ બલીરામ હેડગેવાર ઋષિ તુલ્ય મહાપુરૂષે સ્થાપેલ સંસ્થાને ગુરૂ ગોલવેલકરજી દેવરસજી, સુદર્શનજી, મોહન ભાગવતજી એક એક મહાપુરૂષે કાળજી રાખીને વિકસાવી છે. દરેક જ્ઞાતીની વાડી થાય. સમૂહ લગ્ન થાય. સરસ્વતી સન્માન થાય. મેડીકલ સહાય, શિક્ષણ સહાય, અન્નકીટ સહાય એમા કશું ખોટું નથી. દેશની લોકશાહીમાં કોંગ્રેસના સત્તાના ૬૦ વર્ષ પછી નરેન્દ્રભાઈ મોદીએ નાનામાં નાના સમાજને સુયોગ્ય સ્થાન આપી આગવી કેડી કંડારી છે. શશીકાંતભાઈ પાસે કોઈપણ સમાજનો કોઈપણ માનવી આવે એની લાગણી અને માગણી સાચી લાગે એજ એની લાયકાત. માટે શશીકાંતભાઈની ઉમેદવારી માટે લોકોમાં સ્વયંભૂ જન જુવાળ છે.

ડીસા શહેર તાલુકાની રચના જ એવી છે કે સર્વસમાજને સાથે રાખનાર નેતાની આવશ્યકતા છે. શશીકાંતભાઈના દ્રષ્ટિકોણથી આ કામ થઈ શકશે. આ જોવા એમના 'અમરનાથ કોમ્પલેક્ષ' ખાતે શ્રમજીવી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓનો લાભ લેવા આવતાં વિવિધ સમાજના ભાઈ - બહેનોને નિહાળો. શ્રમિક શબ્દની વ્યાખ્યા જ બદલી નાંખે છે, સર્વ સમાજના જરૂરતમંદ આવી જાય એવી જોગવાઈ કરાવી છે.

શશીકાંતભાઈને મન રાજકારણ એ શોખ, રસ સમયપસાર કરવો, વાતોના વડા કરવા, ટીકા અને વિરોધ કરવો, રોટલાં રળવાનો માર્ગ નથી. સહજ ભાવે પ્રસિધ્ધિથી દુર રહી સર્વ સમાજનું લોકકલ્યાણ કરવાનું માધ્યમ છે એ જોતા સર્વ સમાજનો સૂર છે કે, શશીકાંતભાઈને ડીસાની બેઠક માટે ભાજપની ટિકિટ મળે તો સુયોગ્ય પસંદગી ગણાશે.

પાલનપુરમાં સાધ્વી જયશ્રીગીરીના સાગરીતો વચ્ચે મારામારી : એકની અટકાયત

સંજય જોષી

પાલનપુર

પાલનપુરમાં વિવાદિત સાધ્વી જયશ્રીગીરીના સાગરીતો વચ્ચે જુનો અદાવતમાં મારામારી થઈ હતી. જેમાં પોલીસે એક આરોપીની અટકાયત કરી છે.

પાલનપુરના પારપડા રોડ ખાતે ભવ્ય રેસીડેન્સીમાં રહેતા રાજન ઉર્ફે રણજીતસિંહ બારડ મૂળ રહે. મોટાસડા તા. દાંતા અને વિવાદીત સાધ્વી જયશ્રીગીરીના સાગરીતો એવા બાદલ દેસાઈ અને અંકિત પઢિયાર ઉર્ફે ભાણો વચ્ચે ભૂતકાળમાં થયેલ ઝઘડાનું મનદુઃખ રાખી મારામારી થઈ હતી.જે બાબતે સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી આ નાયબ પોલીસ અધિક્ષક એ.આર. ઝનકાંત તથા સર્કલ પીઆઈ એન.ડી. અસારીના માર્ગદર્શન હેઠળ પાલનપુર તાલુકા પી.એસ.આઈ એ. વાય.પટેલ તથા તેમની ટીમના માણસોએ આરોપીઓને ઝડપવા કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પોલીસે રાજન બારડની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે આ મારામારી સામા પક્ષે અંકિત કાંતિલાલ પઢિયાર રહે. પાલનપુર વીરભાઈ ગેટવાળો દવાખાનામાં દાખલ હોઈ તેને તથા બાદલ દેસાઈની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭ નું પ્રથમ તબક્કાનું જાહેરનામું પ્રસિધ્ધ થતાં જ સળવળાટ તેજ બનશે...

રાજયમાં પ્રથમવાર વીવીપેટથી મતદાનને લઈ ઉત્સાહ

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યુહ
૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ ની ચુંટણીમાં હજુ કુદરતી ઠંડીની જેમ વાતાવરણ કંઈ જામતું નથી આજે ૧૪ મી નવે - ૨૦૧૭ ના રોજ પ્રથમ તબક્કા માટેનું વિધિકારનું જાહેરનામું બહાર પડતાં જ ચૂંટણી પ્રક્રિયાની ગતિ તેજ બનશે. આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૫૦,૧૨૮ મતદાન મથકો પર વીવીપેટથી પ્રથમવાર મતદાન થશે તેમાં કેવું રહેશે તે બાબતે બધાને ઈન્તજારી છે. સપ્ટે - ૨૦૧૭ માં નોંધાયેલા આંકડા મુજબ કુલ મતદારો - ૪,૩૩,૧૧,૩૨૧ છે જેમાં ૨,૨૫,૫૭,૦૩૨ પુરૂષ ૨,૦૭,૫૭,૦૩૨ સ્ત્રી તથા ૧૬૯ નાન્યતર મતદારોનો સમાવેશ થાય છે. ગુજરાત વિધાનસભા ચુંટણી - ૨૦૧૭ આ વખતે બરોબર જામશે તેવું લાગે છે. કારણ કે, ૨૨ વર્ષના ભાજપ શાસનથી પ્રજા કંયાંકને ક્યાંક કંટાળી છે તેવો માહોલ જોવા મળે છે ને તેમાંય નોટબંધી - જીએસટી પાટીદાર અનામત જેવા મુદા શાસક પક્ષને વિહવળ બનાવી રહ્યા છે. સંગઠનની મજબુતાઈ હોવાના કારણે મતદારોનો મિજાજ જાણવા મળતો નથી પણ અંદર જે અગનજવાળા ભભૂકેલી છે તેવી મતદાન સુધી રહે તો શાસક પક્ષની બેઠકોમાં જોરદાર ઘટાડો આવેને શાસક - વિરોધ લોકશાહી શાસનને અનુકુળ આવે તેવું બને. આજે ગુજરાતમાં જો પરિણામમાં કંઈક જોવા મળે તો નવાઈ પામવા જેવું નથી અમે નહોતું ધાર્યું કે અવું પરિણામ આવશે એ શબ્દો જ ખોટા હશે.. આ પરિણામ તો અમે ચૂંટણી જાહેર થઈ ત્યારથી નહી ૨૦૧૪ પછીથી જોતા આવ્યા છીએ. તેવું કહેનારા પણ નીકળશે. ગુજરાતની વેપારી પ્રજા ઝડપી કંઈ કળવા દેતી નથી પણ સમય આવે સરભર કરી દે.. ને આ વખતની ચુંટણીમાં ઘણું રોચક સર્જાય તેમ છે. વાંચકમિત્રો, હવે ટુંક સમયમાં ભાજપ - કોંગ્રેસના ઉમેદવારો જાહેર થશે તે પછી માહોલ જામશે. વાવમાં શંકરભાઈ ચૌધરી તો કોંગ્રેસમાં અલ્પેશ ઠાકોરના શબ્દો મુજબ ગેનીબેન ઠાકોર હવે આ સાચું હોય તો બીજી વિધાનસભા બેઠક પર તાલાવેલી વધી જ છે જે બાબતે સમય જ કંઈ બતાવશે...

રૂપિયા દોઢ કરોડના ખર્ચે...

વાવના વાવડી ગામે બનતા શૈક્ષણિક સંકુલમાં ગેરરીતિઓની બુમરાડ

એસ્ટીમેન્ટ મુજબ કામ નહી થાય તો હાઈકોર્ટના દ્વાર ખખડાવાની જાગૃત નાગરિકની ચીમકી

વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના વાવડી ગામે આર.એમ.બી. કચેરી મારફત રૂપિયા દોઢ કરોડના ખર્ચે શૈક્ષણિક સંકુલ બનાવવાનો પ્રોજેક્ટ મંજુર થયો છે. જેનું કોન્ટ્રાક્ટ પાટણની એક કન્ટ્રક્શન કંપનીને અપાયો છે. જો કે તાજેતરમાં વાવડી પંથકમાં પૂર આવતા આ કામ થોડુ વિલંબે ચડ્યું હતું.

વાવડી ગામના રાજગોર શાંમજીભાઈ રૂપરામભાઈએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે વાવડી ગામે ધો.૮ થી ધો.૧૦ સુધીના વર્ગોનું નવીન શૈક્ષણિક સંકુલનું રૂપિયા દોઢ કરોડના ખર્ચે કામ ચાલી રહ્યું છે. જેમાં બિલ્ડિંગ, કમ્પાઉન્ડ, મેઈનગેટ, પાણીનું ટાંકુ આર.સી.સી. રોડ લાઈટ ફીટીંગ જેવી તમામ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ઈંટ, રેત, લોખંડ, લાઈટ ફીટીંગ જેવા કામોમાં હલકી ગુણવત્તાવાળુ મટેરીયલ વપરાઈ રહ્યું છે. જેમાં સ્થાનિક ઈંટો અને પૂરનું પડેલુ પડતર પાણી વાપરવાથી મકાનના કામમાં ભારે ગેરરીતિઓ આચરાઈ રહી છે. આ બાબતે આર.એમ.બી વિભાગના જવાબદાર તંત્રને પણ રજુઆત કરાઈ છે.

અનુસંધાન પાના નં.૬

પાલનપુરની હોટલમાં રૂા.૧.૭૪ લાખનો મુદ્દામાલ ભરેલ પર્સની ચોરી

પાલનપુર

પાલનપુર આબુરોડ હાઈવે ઉપર આવેલ હોટલ ટેબો પઈન્ટમાંથી બીપીનચંદ્ર કિર્તીલાલ ત્રિવેદી (રહે.તિરૂપતિ ટાઉનસિપ ભાગ - ૧) ની પત્નિનું પર્સ કોઈ અજાણ્યો શખ્સ ચોરી ગયો હતો. જે પર્સમાં તેમની દિકરીના દાગીના તથા રોકડા રૂા.૮૫,૦૦૦ અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧,૭૪,૦૦૦ નો મુદ્દામાલ ભરેલ હતો. જે પર્સ ન દેખાતા તેમણે ઘણી સોધખોળ કરી હતી. પરંતુ પર્સની ભાળ મળી ન હતી, તેથી આખરે તેમણે સીટી પશ્ચિમ પોલીસ મથકે અજાણ્યા તસ્કર વિરૂધ્ધ પર્સમાંથી રૂા.૧,૭૪,૦૦૦ ના મુદ્દામાલની ચોરીની ફરીયાદ નોંધાવી હતી. જેની વધુ તપાસ પી.એસ.આઈ. એસ.એસ. રાણે ચલાવે છે.

જુનાડીસામાં ઘન કચરાના નિકાલ મુદ્દે અમીત શાહને રજૂઆત

પાલનપુર

ડીસા નજીકના જુનાડીસા ગામે ગૌચરમાં થતા ઘન કચરાના નિકાલ મુદ્દે લાલઘુમ બનેલા ગ્રામજનોએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહને પણ આવેદનપત્ર પાઠવી તત્કાલિન જિલ્લા કલેકટરના એક તરફી અને અન્યાયી હુકમ રદ કરવા ઉગ્ર રજૂઆતો કરી હતી.

તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામે મોટું પાંજરાપોળ આવેલ છે. બાજુના રાજપુર પાંજરાપોળના ઢોરો પણ ગામના ગૌચરમાં ચરે છે. જે પાંજરાપોળો અને ગામના ઢોરોની સંખ્યા જોતા ગૌચર ઘણું ઓછું છે. તેમ છતાં તત્કાલિન કલેકટરે સ્થળ મુલાકાત લીધા વગર અને ગુજરાત પ્રદુષણ બોર્ડના નિયમો નેવે મુકીને ૧૦ એકર ગૌચરની જમીન ડીસા નગરપાલિકાને ઘન કચરાના નિકાલ માટે ફાળવવાનો હુકમ કર્યો હતો. જ્યાં ઘન કચરા સાથે મેડીકલ વેસ્ટ અને પશુઓના હાડપિંજરનો પણ નિકાલ થાય છે. જેના કારણે પારાવાર દુર્ગંધ અને ધુમાડાના કારણે હાઈવે ઉપરથી ગ્રામજનોને નીકળવું મુશ્કેલ બની ગયું છે. તેમજ ગામ માથે ગંભીર રોગચાળાનો ખતરો મંડરાયો છે. જેનાથી ત્રાહીમામ પોકારી ઉઠેલા ગ્રામજનોએ ઘન કચરા નિકાલ સમિતિ બનાવી લડત આદરી છે. જેના પ્રથમ તબક્કામાં વિધાનસભાની ચુંટણીના બહિષ્કારનું એલાન કર્યું છે. ત્યારબાદ ગતરોજ ડીસા ખાતે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શક્તિ કેન્દ્રોના પ્રમુખો સાથે બેઠકમાં આવેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહને પણ ગ્રામજનોએ આવેદનપત્ર આપી ગામલોકોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ તત્કાલિન જિલ્લા કલેકટરના હુકમને રદ કરજા ઉગ્ર રજૂઆતો કરી હતી. જેમણે ગ્રામજનોને પ્રશ્નનું નિરાકરણ લાવવાની હૈયાધારણા આપી હતી.

કાદવા ગોગામહારાજ ધામમાં ચાલતી નવચેતન વિદ્યાલયની અધ્યક્ષ તરીકે નિમણૂંક

નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ગતરોજ લીબુણી ગામે રબારી સમાજ દ્વારા આયોજીત સ્નેહ મિલન કાર્યક્રમમાં વાવ-ભાભર - સુઈગામ તાલુકાના રબારી સમાજ ઉપસ્થિત રહ્યો છે. તે પ્રસંગે કાદવા ગોગામહારાજ ધામના ભુવાજી રાજાબાપા ખાસ ઉપસ્થિત રહી લોકોને આર્શીવાદ પાઠવ્યા હતા તથા વાવ - થરાદ વિસ્તારના પનોતા પુત્ર તથા સમગ્ર રબારી સમાજના યુવાનોમાં રોલ મોડલ તરીકે ઉભરી આવેલ વિહોતર ગૃપ ઓફ બનાસકાંઠાના સંયોજક જીવરાજભાઈ આલને વીશેષ જવાબદારી સોપવામાં આવી હતી જયરામબાપા એજયુકેશન ટ્રસ્ટ કાદવા દ્વારા સંચાલિત નવચેતન વિદ્યાલયના પ્રમુખ તરીકેની જવાબદારી આપતા ભુવાજી રાજાબાપાએ પાઘડી પહેરાવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ભુવાજી રાજાબાપા કાસવાધામ, રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી, ગોપાલક નિગમના ચેરમેન અરજણભાઈ રબારી ઉપાધ્યક્ષ ઘેટાંઉન નિગમના અમરસિંહભાઈ રબારી, ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન સંજયભાઈ દેસાઈ, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ નાગજીભાઈ રબારી, બનાસકાંઠાના લાઈવ ચેરમેન જીગરભાઈ દેસાઈ સહિત વાવ વિધાનસભાના પ્રભારી દીનેશભાઈ દેસાઈ કાસવા તેમજ નામી અનામી અનેક મહાનુભાવો આગેવાનો હાજર રહ્યા હતા.

ભીલડી નજીક હાઈવે ઉપર પડેલા મૃત આખલા સાથે અથડાતા ચાલકનું મોત

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના મુડેઠા ખાતે ચાલી રહેલ ઈ.એમ.સી. કંપનીમાં ફરજ બજાવતા કુમાર આનંદ વિજયઠાકુર રહે. તેલ ઘી વાળા ખરીફ બજાર જિલ્લો ભાગલપુર રાજય બિહારવાળો ઉ.વ.૨૭ રાત્રે મુડેઠાથી ભીલડી તરફ આવી રહ્યો હતો. તેવામાં ભીલડી નજીક હાઈવે ઉપર મૃત હાલતમાં પડેલ આખલા ઉપર મોટર સાયકલ નં.એમપી-૨૮-એમએ-૩૧૫૮ પર ચડી જતા નીચે તે રોડ ઉપર પટકાયેલ અને તેને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ડીસા લઈ ગયા હતા. જયાંથી વધુ સારવાર અર્થે મહેસાણા લાઈફ લાઈન હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજયું હતું. મૃતકનું પી.એમ. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં કરાયા બાદ તેના વાલીવારસાને લાશ સોંપી હતી. આ અંગે ફરિયાદી જીગરભાઈ દિલીપભાઈ સુથારે ભીલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત ગુનો નોધી ટાઈમ બીટ જમાદાર ચલાવી રહ્યા છે.

ડીસાના સમૌનાના ગામે મહિલાની આબરૂ લેવાનો પ્રયાસ

કાકા સસરા દ્વારા છેડતીના પ્રયાસથી ચકચાર

ડીસા

ડીસા તાલુકાના સમૌનાના ગામે રહેતા પરિવારની મહિલાની આબરૂ લેવાની કોશિશ તેના સગા કાકા સસરાએ કરતા ચકચાર મચી છે. આ મુદ્દે પરિવારજનો ઠપકા આપવા જતા ઊલટાનું મહિલા અને તેના પરિવારને ધમકી અપાઈ હોવાની ફરિયાદ ડીસા તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના સમૌ નાના ગામે રહેતા પરિવારની મહિલા રવિવારે સવારે વાડામાં ભેંસ દોવા જતા હતા તે સમયે તેના સગા કાકા સસરા દાનાભાઈ કરસંભાઈ તિરબંધાએ આવી તેનો હાથ પકડી લીધો હતો અને' આજે તો લાગ મળ્યો છે તને છોડવી નથી' તેમ કહી તેની આબરુ લેવાની કોશિશ કરી હતી.જોકે મહિલાએ બૂમાબૂમ કરતા તેના કાકા સસરા નાસી ગયા હતા. ત્યારબાદ મહિલા અને તેના પરિવારજનો તેમના ઘરે ઠપકો આપવા જતાં ઊલટાનું દાનાભાઈના ભાઈ અને તેમની પત્નીએ સહિતે ગાળો બોલી ધાક-ધમકી આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જેથી મહિલાએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે દાનાભાઈ કરસનભાઈ તીરબંધા, મણીબેન દાનાભાઈ તીરબંધા, બાબુભાઈ કરશનભાઈ તિરબંધા,શાંતાબેન બાબુભાઈ તિરબંધા, જીતેન્દ્રકુમાર દાનાભાઈ પીરબંધા સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કાંકરેજ તાલુકાના ટોટાણા ખાતે

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સંતશ્રી સદારામ બાપુના આશિર્વાદ લીધા

યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ નો પ્રચાર ધીમે ધીમે ગતિ પકડી રહ્યો છે. ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને કોંગ્રેસ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે છે ત્યારે ગત રવિવારે સાંજના સુમારે કાંકરેજ તાલુકાના થરા નગરમાં આવેલ સમસ્ત ભરવાડ- ગોપાલક સમાજની ગુરુગાદી ઝાઝાવડા વાળીનાથ મહાદેવના દર્શન કરી મહંતશ્રી ઘનશ્યામપુરીજીના આશિર્વાદ સાથે ઓમપ્લાઝા પાછળના મેદાનમાં જંગી જાહેર સભાને સંબોધ્યા બાદ કાંકરેજ તાલુકાના સંત શિરોમણી પૂ. સદારામ બાપુના આશિર્વાદ માટે ટોટાણા ગામે પહોંચ્યા હતા. જયાં સંત શ્રી દર્શન કરી આશિર્વાદ મેળવેલ. આ પ્રસંગે ગુજરાત પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ, સિદ્ધાર્થ પટેલ, અર્જુન મોઢવાડીયા,

અનુસંધાન પાના નં.૬

રાહુલ ગાંધીએ બ્રાહ્મણોના આર્શીવાદ લીધા

પરંપરાગત વેશભૂષામાં સજ્જ ભૂદેવોએ વિજયીભવના આર્શીવાદ આપ્યા

નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. ગેળા

ગુજરાત વિધાનસભાની ચુંટણીનું બુગલ ફુંકાઈ ગયું છે ત્યારે છેલ્લા ૨૨ વર્ષથી શાસનમાં રહેલ ભાજપ સરકાર વિકાસના નામે મતો માંગી પુનરાર્વતન કરવા પ્રયત્નશીલ છે જયારે ૨૨ વર્ષ લાંબો રાજકીય વનવાસ પૂર્ણ કરવા કોંગ્રેસ પણ એડી ચોટીનું જોર લગાવી રહી છે. આ વખતે રાજયમાં છેલ્લા ૩ વર્ષથી વતાવરણ ડોહળાયુ છે

અનુસંધાન પાના નં.૬

ભીલડી ખાતે રાહુલ ગાંધીનું કોંગ્રેસી કાર્યકરો દ્વારા સ્વાગત કરાયું



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

કોંગ્રેસના રાષ્ટ્રિય ઉપાઅધ્યક્ષ રાહુલ ગાંધી બનાસકાંઠામાં ''નવસર્જન યાત્રા'' દરમ્યાન ડીસાથી સભા પૂર્ણ થયા બાદ માલગઢ અને વડાવળ ગામે આવતાં ત્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં ભીલડી ૪ વાગ્યે ના સમયે નવ સર્જન યાત્રાનો કાફલો આવી પહોંચતા ભીલડીના કોંગ્રેસના કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

જેમાં પૂર્વ તાલુકા ડેલીગેટ મનુભાઈ એચ.જોષી, ભારતીબેન જે. ચૌધરી, કે.કે.માળી (માજી સરપંચ) ડી.એન. જોષી, ઘેવરભાઈ સોની, કે.ડી.સુથાર, કાંન્તીભાઈ જોષી, નાગજીભાઈ જોષી,

અનુસંધાન પાના નં.૬

લોહાણા બેસણું

સ્વ.માતૃશ્રી ગોમતીબેન અમૃતલાલ ઠક્કર

[illegible]

અમારે પ.પૂ.માતૃશ્રી ગં.સ્વ.ગોમતીબેન અમૃતલાલ ઠક્કર (કુંવારાવાળા)નું દુઃખદ અવસાન તા.૧૧-૧૧-૨૦૧૭ ને શનિવાર ના રોજ થયેલ છે. ભગવાનને ગમ્યું તે ખરૂં, તેમનું સદ્ગતનું બેસણું તા.૧૫-૧૧-૨૦૧૭ ના નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

સ્થળ : શ્રી જગદીશભાઈ અમૃતલાલ ઠક્કર
[illegible]
[illegible]
[illegible]

લિ.

ઘનશ્યામભાઇ અમૃતલાલ ઠક્કર - ડીસા
જગદીશભાઇ અમૃતલાલ ઠક્કર - અમદાવાદ
રાજુભાઇ અમૃતલાલ ઠક્કર - પાટણ
(પત્રકાર - રખેવાળ દૈનિક / હમસફર સાપ્તાહિક, પાટણ)
સૌને જય જલારામ

રોટી, રહેઠાણ ને રોજગાર
લાવો બાપુ સરકાર કરશે જનતા ની દરકાર
વૃદ્ધો અને વિધવાઓને મળશે સમાજમાં સમ્માન
મળશે પ્રતિમાસ ૫૦૦૦ રૂપિયા ની સહાય
જન વિકલ્પ
હા, વિકલ્પ છે!
janvikalp.in
7878980000

તંત્રી સ્થાનેથી ...

કુદરત જ્યારે મુશ્કેલી વધારે છે, ત્યારે સમજદારી પણ વધારી દે છે.

ચૂંટણી પૂર્વે લોકોની અપેક્ષાઓને વાચા આપવી વ્યાજબી લેખાશે

ગુજરાત વિધાનસભાની યોજાનાર ચૂંટણી પર સમગ્ર દેશની નજર મંડાયેલી છે. આ ચૂંટણીમાં અન્ય પક્ષો તો ઠીક પરંતુ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટેની ટક્કર થવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી. બીજી તરફ ઉ.ગુજરાતના ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસે આવેલા કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી એવું કહેતા ફરે છે કે ગુજરાતમાં નરેન્દ્ર મોદી કે અમીત શાહ આવે તોય ભાજપ આવશે નહિં! જાણે કે મોદી અને શાહની જનમકુંડળી તેમની પાસે હોય તેવું જણાય છે. ભલે રાહુલ ગાંધી પોતાના મનઘડત વિચારો રજુ કરતા હોય પરંતુ ગુજરાતની જનતાનો ઝુકાવ કોની તરફ હશે તે નક્કી નથી અને જનતા તો જનતા છે દરેક પક્ષની સભામાં જઈને બેસવાની અને સાંભળવાની પરંતુ મતદાન કોને કરવું તે તો મતદાનના દિવસે જ નક્કી કરશે હાલ કોઈ પક્ષની ભવિષ્યવાણી જાણી શકાય નહિં. ત્યારે ટુંક સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને આ ચૂંટણી બે તબક્કામાં યોજાશે..!

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં લોક અપેક્ષા શું છે તેની યાદી ઘણી લાંબી થાય પરંતુ લોકો સાથે સક્રિય રીતે કામ કરવાના અનુભવને આધારે લોકોની મુશ્કેલીઓ અને માગણીઓ અંગે થોડુ ચિંતન કરવું જરૂરી છે. વર્તમાન સમયમાં સૌથી વિકટ સમસ્યા છે. બેરોજગારોની શિક્ષિત બેકારોની આજે રોજેરોજે ગુજરાતના ૧૫૦૦ થી ૨૦૦૦ યુવાનો- યુવતીઓ રોજગાર માટે ફાંફા મારતા હોય છે. નોકરી મેળવવા અનેક ઠેકાણે અરજીઓ કરે છે. ક્યારેક ભાડા ખર્ચીને જાય છે અને તે ભાડુ પણ માથે પડે છે. આવી સ્થિતિમાં બેરોજગારોને કોણ મદદરૂપ થશે તે મહત્વનો સવાલ કહી શકાય. બેરોજગારની સમસ્યા દેશમાં યુપીએ સરકાર હતી ત્યારથી જોવામાં આવે છે. યુપીએ સરકારને માત્ર સત્તામાં જ રસ હતો. બેરોજગાર યુવાનોને જો નોકરી મળે તો રૂા. ૬૦૦ થી ૧૦૦૦ ની કામચલાઉ નોકરી મળે છે અને તે પણ કાયમી તો નહીં જ. હંગામી ધોરણે હોય છે. રોજગારી ન મળતા દેશનું યુવા ધન અવળે માર્ગે જઈ રહેલ છે. અને ક્યારેક ગુન્હાહિત પ્રવૃત્તિ તરફ દોટ લગાવે છે.

તાજેતરમાં લોકોની અપેક્ષાના સર્વેમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની તકોને અગ્રસ્થાન પ્રાપ્ત થયું છે. ૧૯૯૦ માં શરૂ થયેલા ઉદારીકરણ અને વૈશ્વિકરણના કારણે દેશનો આર્થિક વિકાસ થયો છે પરંતુ કોંગ્રેસને વિકાસ નજરે પડતો નથી. એનું કારણ એક જ કે કોંગ્રેસે અત્યાર સુધી કોઈ વિકાસ કર્યો જ નથી. માત્ર રાજકીય સ્તરે ગેરરીતિ સિવાય કંઈ કર્યું નથી. જેથી સરકારી તિજોરીના અબજો રૂપિયા બારોબાર વગે થઈ ગયા.. બિહારનું કરોડો રૂપિયાનું ઘાસચારા કૌભાંડ, હેલિકોપ્ટર કૌભાંડ, આદર્શ સોસાયટી કૌભાંડ, કોમનવેલ્થ કૌભાંડ આ બધા કૌભાંડોના રૂપિયા કોંગ્રેસના જ સમર્થકો ઝાડુ મારીને લઈ ગયા. જેનો કોઈ પત્તો પણ નથી, પછી દેશ ક્યાંથી ઊંચો આવે..! મનમોહનસિંહ સમયનું ટેલિકોમ કૌભાંડ આખું ભૂલાઈ ગયું! સૌ કોઈએ પેટ ભરીને કૌભાંડો આચર્યા અને હવે પ્રજા સાથે મિત્રતા કેળવીને કોંગ્રેસે ચૂંટણી જંગમાં ઝુકાવ્યું છે. પરંતુ લોકો એ કૌભાંડોને ભુલી ગયા નથી.

૧૯૯૫ બાદ હંગામી ધોરણે કરાર આધારિત ખાલી જગ્યાઓ ભરીને તંત્રમાં ફરજ બજાવતા કર્મચારીનું મનોબળ ઘટાડવામાં આવ્યું. સરકારી સેવાઓમાં ખાદ્ય અને નવી નવી યોજનાઓની જાહેરાતે નીતિઓના અમલમાં ઢીલ, ગેરરીતિ અને બેદરકારીને વ્યાપક બનાવ્યા, ખેડુતોને ખેતપેદાશોના ભાવો પુરતા મળતા નથી. અનેક ધાન્ય, કઠોળ, તેલીબીયાં માટે ટેકાના ભાવો જાહેર કરવા પડે છે. જ્યારે બીજી તરફ ઉપભોક્તાઓ આજ વસ્તુઓના ભાવવધારાથી ભારે પરેશાન છે. ત્યારે હાલની વ્યવસ્થામાં રહેલી ઉણપો દુર કરવામાં નહિં આવે તો ચૂંટણીના વિપરિત પરિણામો આવશે તે વાત ચોક્કસ છે. તેમજ ગ્રામીણ વિકાસ અને સુખાકારી વિના રાષ્ટ્રને શક્તિશાળી બનાવવું મુશ્કેલ બની રહેશે.

દરેક વ્યક્તિને અભિપ્રાયો આપવા માટેનો હક : ધોની

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ હાલમાં થઇ રહેલી ટિકા ટિપ્પણી વચ્ચે જવાબો આપ્યા છે. ધોનીએ કહ્યું છે કે, દરેક વ્યક્તિને પોતાના અભિપ્રાય આપવાનો અધિકાર છે. ટ્વેન્ટી-૨૦ ક્રિકેટમાંથી તેની નિવૃત્તિ અંગે માંગ થઇ રહી છે ત્યારે ધોનીએ આખરે મૌન તોડીને આ મુજબની પ્રતિક્રિયા આપી છે. અજીત અગરકર સહિત કેટલાક પૂર્વ ખેલાડીઓએ હાલમાં જ ધોનીના ટ્વેન્ટી-૨૦ ભાવિને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા જેના પરિણામ સ્વરુપે દેશના ક્રિકેટિંગ વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ભૂતપૂર્વ ભારતીય સ્ટાર બેટ્સમેન વીવીએસ લક્ષ્મણે પણ ધોની સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. અજીત અગરકરે હાલમાં જ ધોનીના દેખાવ સામે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, હવે સમય આવી ગયો છે જ્યારે ધોનીની જગ્યાએ બીજા વિકલ્પ ઉપર વિચારણા કરવી જોઈએ.

આત્મચિંતન

કામને ટાળવાનો રોગે

જે વ્યક્તિ કામને ટાળવાનો રોગ લાગી જાય છે તે પોતાના જીવનમાં કોઈ કામ કરી શકતો નથી. તેનું દરેક કામ અધુરૂં પડી રહે છે. જો કે એવા લોકો હંમેશા કામમાં વ્યસ્ત દેખાય છે પરંતુ તેઓ પોતાનું કામ પુર્ણ કરી શકતા નથી. કામનો બોજ તેમના માથા પર લદાઈ રહે છે અને તેઓ તેનાથી ડરીને કામને બીજા ઉપર ધકેલતા રહે છે. આ એક એવો રોગ છે શરૂઆતમાં સામાન્ય હોય છે અને પછી ધીમે ધીમે ઘર કરી જાય છે અને તેના કામ અધુરા રહેતા જાય છે. કદાચ બીજા કોઈ દ્વારા પુરા થઈ પણ જાય તો પણ પોતાની આવડતમાં અને આત્મશક્તિમાં ઉણપ વર્તાતી જાય છે. અને તે કયારેય ઉપર ઉઠી શકવાને લાયક રહેતો નથી. કામને ટાળવું એ પણ એક પ્રકારની આળસ જ છે તેનાથી જેટલું બની શકાય તેટલું દુર રહેવું જોઈએ. સતત પોતાના કામને આવડત અને ખંતથી પુરા કરતાં રહેવું જોઈએ.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ઓટલા બહારનો પગ

સવારે સાડાનવ વાગે વૃધ્ધાશ્રમ ના સંચાલિકા બહેનને આવવાનો સમય હતો. સાડાદસ થઇ ગયા છતાંય આવ્યા ન હતા. હું અકળાયેલી અવસ્થા માં બહારના બાંકડે બેઠો હતો. એમની રાહ જોઈ રહયો હતો. વારંવાર મારી નજર ઘડિયાળના કાંટા તરફ જતી હતી. ઘડિયાળનો ગોળ ચંદો અને કાંટા તેઓ તેમનું કામ દર્શાવી રહ્યા હતા. દસ અને ચાલીસ થઇ બહેનશ્રી આવે એટલે મારે કહી દેવું હતું – મને અહી ફાવતું નથી. મારે અહીં આ બધાની સાથે રહેવું નથી. મને મુક્ત કરો... અહીંથી હું મારા વતનમાં... નાનકડા ઘેર જઈશ કંઈક કામ કરીને સ્વતંત્ર રહીશ... કશુંય ન થાય તો નાના છોકરાંને ભણાવીશ. પણ મને અહીથી તો... મારામાં બે-ત્રણ દિવસથી આ પ્રકારના વિચારો ઉદભવ્યા હતા. તેથી જાણે જીવ અકળાઈ ગયો હતો. કશીક હતાશા દુઃખ અનુભવતો હતો.. શું મારે મારી વૃધ્ધાશ્રમમાં આવી રીતે સમય પસાર કરવાનો ? છતે છોકરે અને છતી વહુઓએ.

ઘડિયાળના કાંટા અગિયાર નો સમય દર્શાવવા લાગ્યા રોજ કરતા આજે સંચાલિકા બહેન મોડા હતા... એમનું નામ સુધાબહેન સિવાય હું બીજું કોઈ જાણતો. હું હજી ચાર પાંચ દિવસ પૂર્વે જ અહી આવ્યો હતો એમ નહિ મારા છોકરા મને મૂકી ગયા હતા. એમને મન હું જાણે નકામો બોજ બની ગયો હતો. એ મુકવા આવ્યા ત્યારે સુધાબહેન હાજર હતા. અને એમને કહેલું, કશીય ચિંતા કરશો નહિ. અહીં ઘર જેવું વાતાવરણ છે. દાદાને કશોય અહળગો નહિ લાગે... અમારામાં એ બરાબર ભળી જશે... હું બેય ટાઈમ અહી આવું છું. એમની ભાળ લેતી રહીશ. તમારે હવે કશી ચિંતા કરવાની જરૂર નથી.

સુધાબહેને કહેલું – ત્યારે હું સાવ ભાંગી પડેલો. શો જમાનો આવ્યો છે અને શા આપણા સંસ્કારોનું સર્જન થયું છે. તો છોકરાઓ – વહુઓ એક સમયે વૃધ્ધ મા-બાપને બોજ મજે છે. કચરો સમજે છે અને હું વિચારી ન શક્યો. આંખની પાંપણો પર આંસુની ઝાંય ઘેરાઈ વળી હતી.

ત્યારે-ત્યારે પત્ની સાધના યાદ આવી ગયેલી તું જીવતી હોત તો મારે ઘરડાઘરમાં જવાની નોબત... હું આગળનું કંઇ વિચારું એ પૂર્વે જ ચારે જણે હાથ જોડતા કહેલું – બાપુજી લો તારે અમે હવે નીકળીએ... અમારે છેક દુર જવાનું છે... મેં સાંભળતા જ ગળે ડૂમો ભરાઈ ગયો હોવાથી બોલી શક્યો ન હતો. નીચું જોઈ રહેલો – ત્યારે એમની કાર વૃધ્ધાશ્રમનો સાંકળો માર્ગ વટાવીને આગળ ચાર રસ્તે ચડી ગઈ હતી. જાણે એક સંબંધ પૂરો થઈ ગયો હતો... મારું મન બળાપામાં ડૂબી ગયું હતું... કદાચ મારા ગયા ભવના કર્મો આમ રાશી-કચરા જેવા હશે.

હું વિચારતો બેઠો.

સાડા અગિયાર થયા. ત્યાંતો વાહનનો અવાજ આવ્યો. ખુલ્લા ઝાંપા માંથી સુધાબહેન માથે હેલ્મેટ સાથે પ્રવેશ્યા. મારી નજર ગયી. હું જ્યાં બેઠો હતો. સુધાબહેને સીધા આસોપાલવના વૃક્ષના થડ પાસે એમનું વાહન થોભાવ્યું. હેલ્મેટ મૂકી ઘાસમાં ચાલતા મારી પાસે આવીને હસ્યા... કેમ છે ફાવે છે ને ? સીધો સવાલ એમણે પૂછ્યો.

ના – મારે ઘેર જવું છે મેં કશાક ક્ષોભ સાથે કહ્યું.

ઘેર ? અને તમારા ઘેર ?

હાં – મારા ઘેર.

પણ તમારું તો ઘર છે ક્યાં ? તમારા બાળકો જ તમને અહીં મૂકી ગયા છે. એનો અર્થ સાફ છે... પછી કોના ઘેર જવાની વાત કરો છો ? એમણે આગળ જ ઊભા ઊભા મારી સામે જોતા જોતા કહ્યું –

મારા ઘેર ? મેં ભારપૂર્વક કહ્યું, પણ એ મારા વતનનું ઘર હતું... જ્યાં જવા રહેવા હું ઈચ્છતો હતો.

એમણે ફરીવાર એકની એક વાત રજુ કરી. તમારા પુત્રો અહીં મૂકી ગયા છે અને હવે તમારે અહીં આ બધા સાથે રહેવાનું છે.

ના – મારું મન ના પાડે છે.

પણ કેમ ?

એમણે મને ઘણું સમજાવ્યો પણ મારું મન માનવા ... રહેવા તૈયાર નહતું. હું અતિશય વ્યગ્ર બની ગયો હતો. જિંદગીની એ બધી ઘટનાઓ મને વિહવળ બનાવતી હતી. જિંદગીમાં એક વખત જે માણસ શિખર પર બિરાજમાન હતો અને હવે ... આજે

ત્યાં તો ડંકા વાગ્યા.

ડંકાનું વાગ્યું એટલે બપોરના ભોજનનો સંકેત. અંદરનું વાતાવરણ બદલાયું. થાળી વાટકા ખખડવાનો અવાજ આવ્યો. હું મારી જગ્યા પર બેસી રહ્યો. છેલ્લા કેટલાક દિવસથી જાણે ભૂખ જ મરી ગઈ હતી.

અંદર ભોજન પીરસાઈ ગયું. પ્રાર્થના શરુ થઇ ત્યાં સુધી હું મારા સ્થાન પર જ બેસી રહ્યો. મને મારા ઘરની એ જિંદગીની પળો યાદ આવી ગઈ... સાધના યાદની આંખે ચડી ગઈ... જમવા બેસી જાવ... ગરમા ગરમ ફૂલેલી રોટલી બનાવી દઉં છું... તમારે વળી ખાવી તો ચાર કે પાંચ શહેરનું એ ઘર... એ રસોડું... પલાંઠી વાળીને રોટલી વણવા બેઠેલી સાધના... સાધના ના રૂપાળા હાથ... એના અંગ પર શોભતી સાડી.

ત્યાંતો સુધાબહેન બહાર આવ્યાં. ચાલો જમવા બેસી જાવ... શા માટે બેસી રહયા છો... હમણાં પુરું થઇ જશે પછી છેક ચાર વાગે ચા સાથે મળશે.. એય માત્ર બે ભાખરી...

એમણે આગ્રહ કર્યો હું અંદર ગયો. જમવા બેઠો. મારું ભાવતું રીંગણ મોટા બટાકા ના પીતાનું શાક હતું. મગફળી નાખેલી દાળ હતી. ઘી માં લથબથ પાતળી રોટલી હતી. ખાવા બેઠો.

શાક બિલકુલ મારા ઘર જેવું જ થયું હતું. પણ આવું શાક સાધના મારી પત્ની સાંજ ટાણે બનાવતી હું કહેતો તું આવું શાક સવારે બનાવતી હોય તો ?

ના સાંજે મને બનાવવું ગમે છે કારણકે તમે ધરાઈને ખાઈ શકો.

મારી વહુઓએ કડી કયું શાક ખાવું છે એ પૂછ્યું નહતું, બાકી છોકરાઓને રોજ પૂછતી...

મારા સાધનાના ડાબા પડખે એક દિવસ દુઃખાવો ઉપાડ્યો હતો... મને લાગતું હતું મામુલી હશે – પણ બીજા દિવસે સાધના એકાએક મને છોડીને ચાલી ગઈ હતી. એ સાથે જિંદગીનું આખું સમીકરણ બદલાઈ ગયું હતું. જે છોકરાઓ – વહુઓ એક છત્ર નીચે રહેતા હતા – જીવતા હતા એ સઘળું જાણે માળાની મુખ્ય દોરી તૂટી જતાં એ બધું વેરવિખેર થઇ ગયેલું.

સાધનાના મરી ગયાના બીજા મહિને પહેલો... પછી બીજો એમ ક્રમવાર એક એક અલગ થઇ ગયેલા. પોતપોતાના ભાગ લઈને મારે મારા ખિસ્સા ખાલી કરવા પડ્યા હતા. કશુંય પાસે રહયું ન હતું... વતનના ઘર સિવાયનું શહેરનું ઘર પણ વેચાઈ ગયેલું. આવેલા રૂપિયા છોકરાઓમાં વહેંચાઈ ગયેલા – હું જોતો રહી ગયેલો.

જો સાધના જીવતી હોત તો ... તો મારે આવી નોબત ન આવત એ સાથે જિંદગીની ફિલોસોફી સમજાઈ ગઈ હતી. આપણે ઈચ્છીએ એ કદી નથી બનતું .. ધાર્યું ધણીનું થાય છે. મારી સાધના ઈચ્છતી હતી. ઘડાપણમાં આપણે બે જણાં ઝાઝી ભક્તિ કરી ભગવાનને રીઝવશું.. આપણા બાળકોને રમાડીશું અને મજાની જિંદગી જીવીશું...

પણ .... જાણે જિંદગી ની બાજીનાં પાનાં કંઈક અવળાં ખેલાઈ ગયાં. સાધના ગઈ હું એકલો થઇ ગયો. બાકી હતું તે બધા છોકરા લાગણીશુન્ય થઇ ગયા. એમાં વહુઓએ મુખ્ય ભાગ ભજવ્યો. હું જાણે જુનો ખડૂસ બન્યો હતો... મારો સમય કેવી રીતે બદલાયો જાણ જ ન થઇ... રાયમાંથી રંક... પ્રભાવશાળી માંથી નિસ્તેજ ... છોકરાઓ એ મને ત્રણ – ત્રણ મહિના રાખવાનું વિભાજન કર્યું.. ત્યારે કહેતો... સાધના તું ગઈ તેની સાથે જો મને લેતી ગઈ હોત તો ...

એ આખો દિવસ ગયો. બીજા દિવસે મારા છોકરાઓએ મારા નામ માટે ત્યાં ભરેલા રૂપિયા પાછા માગ્યા. જેટલો ખર્ચ થયો હોય એટલો કાપીને... પહેલાતો આનાકાની થઇ... પછી મારી સ્થિતિ – વિનંતી જોઈ મળી ગયા... મારો નિર્ણય વતનમાં મારું નાનકડું ઘર હતું ત્યાં જઈને.. રહીને.. કશુંક કરવાનો ઈરાદો રાખ્યો.

સંચાલિકા બહેન તથા આશ્રમમાં રહેતા અન્યની સાથે વાતો કરીને હું નીકળ્યો. મેં ઓશિયાળી જેલ માંથી છુટકારો મળ્યો... જિંદગીનું જે થયું હોય એ થાય પણ... હું જીવતો રહીશ તો કંઈક કરી બતાવીશ... એક સમયે મારામાં રહેલો અને તરવરતો જુસ્સો મેં જગાવ્યો... માણસ જો ઈચ્છતો ... એને વયના બંધન નડતાં નથી.

વતનમાં મારા નાનકડા ઘેર આવ્યો ઘર ખોલ્યું હું જયાં રહેતો હતો તે બધાને મારી ખબર હતી કે છોકરાઓએ મારી શી દશા કરી છે... એકે ઘર સાફ કર્યું.. બીજાએ જમવાની ગોઠવણ કરી કોઈએ પૈસાની – મદદની ઓફર કરી... કોઈએ કશીય વાતે ન ગભરાવાની પણ વાત કરી નાખી.

આજકાલ કરતા છ દિવસ થઇ ગયા. મેં નાના છોકરાઓને ભણાવાની શરૂઆત કરી ત્યારે ઘણાંના છોકરા અગાઉથી કોઈને કોઈના ત્યાં ટ્યુશનમાં હતા જ... છતાય મને તક મળી... એકથી સાત સુધીના ધોરણના છોકરા શરુ થયા હું ગીતો ગવડાવતો... વાર્તાઓ કહેતો... છોકરા ડાહ્યાડમરા બની જતા... ભણતા... વાર્તા કહેવાનો આગ્રહ કરતા... મને ગમતું... ખુબ ગમતું...

હું વાર્તા કહેતા... મારા પગ પર ઊભો રહેતા શીખી ગયો.

- રેણું બારોટ

દાણીલીમડામાં ભાજપ વિનુભાઈ પરમારને ટિકિટ ફાળવે તો મુસ્લિમો પરિવર્તનના મૂડમાં

શાંતિ શાહ

ગુજરાત વિધાનસભા ની ચૂંટણી બે તબક્કામાં યોજાઈ રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જોરશોરથી ચાલી રહી છે. અત્યાર સુધી કોંગ્રેસસનો ગઢ : રહેલી દાણીલીમડા વિધાનસભા બેઠક પર ભાજપના વિનુભાઈ પરમાર જેવા સંનિષ્ઠ સેવાભાવી કાર્યકર ને ટિકિટ ફાળવામાં આવે તો સ્થાનિક મુસ્લિમો પરિવર્તનના મૂડમાં છે. આ સંદર્ભે સ્થાનિક મુસ્લિમોનું કહેવું છે કે ,સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર હેઠળ વિકાસથી વંચિત એવા દાણીલીમડા વિસ્તારનો વિકાસ થઈ શકશે .એનું કારણ પ્રતિ વર્ષ સ્વ ખર્ચે સમૂહ લગ્નઃ કરાવનારા કોમી એકતાના પ્રતીક વિનુભાઈ પરમાર ને ભાજપ ટિકિટ ફાળવશે તો મુસ્લિમ સમાજના તમામ મોલવી, ઉલેમાઓ, ખાન કાઓના આગેવાન અને ખિદમતગાર ભાજપને સાથ સહકાર આપશે. હાલમાં ભાજપની ચાલી રહેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવા મુસ્લિમોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.દરમ્યાન, શાહેઆલમ દરગાહના ખિદમતગાર સુબા ખાન પઠાને જણાવ્યું હતું કે ,ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ ની બેઠકમાં વિનુભાઈ પરમાર ને ટિકેટ ફાળવવામાં આવે તે બાબતે ભાજપ રાષ્ટિય અધ્યક્ષ અમિતભાઈ શાહ ને પત્ર લખી જાણ કરી છે,

આધારભૂત સામગ્રી અને જોડાવા માટેની શક્તિનું નિર્માણ એ ત્વરિત સમાચારના યુગમાં અત્યંત અસરકર્તા બની રહે છે

શાંતિ શાહ

અમદાવાદ

સામગ્રી (content), સમુદાય, જોડાવા માટેની શક્તિનું નિર્માણ તથા પરામર્શમાં સંકળાવાનો પ્રારંભ એ ડેટા દ્વારા આગળ વધતી દુનિયામાં સૌથી મોટા અસરકારક પરિબળો (influencers) છે, પરંતુ લોકપ્રિયતા ભરોસાપાત્રતા સ્થાપિત કરે તેવું હંમેશા બનતું નથી.

કોમ્યુનિકેશન પ્રોફેશ નલ્સ, સિનિયર એડિટર્સ, પત્રકારો, શિક્ષણ શાસ્ત્રીઓ, જન સંપર્કના સલાહકારો, કોર્પોરેટ કોમ્યુનિકેશન્સના વડાઓ, માર્કેટીંગ ગુરૂઓ, વિજ્ઞાપનના નિષ્ણા તો, સોશ્યલ મીડિયામાં અસરકર્તા બનતા લોકો અને ડીજીટલ માર્કેટીંગમાં નિપુણ લોકો પીઆરસીએઆઈ અને સિમ્યુલેશન્સ દ્વારા આયોજીત રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં "Influencer Engagement and What makes news today" વિષયઅંગે પરામર્શ માટે એકત્ર થયા હતા. હાલમાં જ્યારે ત્વરિત માહિતી મેળવવાનો અને પહોંચાડવાના યુગનો ઉદય થયો છે ત્યારે નિશ્ચિતપણે કઈ બાબતોથી સમાચારો ઉદ્દભવે છે અને કોના અભિપ્રાયોને ધ્યાનમાં લેવા જોઈએ તે બાબત ગ્રહણ કરવી તે મહત્વનું બની રહે છે. સમાચારના ઉપયોગના અનેકવિધ માધ્યમોના વધતા વ્યાપને કારણે ખુદ સમાચારની ગુણવત્તા અંગે ઘણીવાર સવાલો ઊભા થાય છે.

૧૪ નવેમ્બરનો દિવસ નેશનલ મેટાલર્જિકલ ડે તરીકે મનાવાયો

શાંતિ શાહ

અમદાવાદ ઈન્ડસ યુનિવર્સિટીના મેટલર્જિકલ એન્ડ મટિરિયલ્સ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા નેશનલ મેટલર્જિકલ ડે ૨૦૧૭ નિમિત્તે તેમના ઉજવણીની યોજના જાહેર કરી હતી.આ દિવસે ઈન્ડસ યુનિવર્સિટી અને સ્ટાફ તથા વિભાગના વિદ્યાર્થીઓ ઈન્ડસ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ૨૦૦૬માં મેટલર્જિકલ એન્જિનિયરીંગ વિભાગ શરૂ કરવામાં યોગદાન આપનારા અને ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ તેમજ ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયાના ચેરમેન અને એમડી મુકેશજી ભંડારી પ્રત્યે પોતાની સન્માનની લાગણી વ્યક્ત કરશે અને હવે ઈન્ડસ યુનિવર્સિટી ગુજરાત સરકારની પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ અંતર્ગત છે. આ ગુજરાત રાજ્યમાં મેટલર્જીનો આ બીજો વિભાગ છે, પ્રથમ વિભાગ એમએસ યુનિવર્સિટી, બરોડામાં છે. ભંડારી સ્પષ્ટપણે જૂએ છે કે મેટલર્જિકલ એન્જિનિયરીંગ સ્ટુડન્ટ્સ કે જે આ ફિલ્ડમાં સ્નાતકનો અભ્યાસ કરી રહ્યા છે તેઓ નોંધપાત્ર રીતે રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપશે.

૧૮મી નવેમ્બરે રાત્રે ૮ કલાકે એન્ડ પિકચર્સ શ્રીદેવીની મી ફિલ્મ 'મોમ'નું પ્રીમિયર કરે છે

માતા તેણીની અંદર માઁ દુર્ગાના વાસ સાથે શક્તિ અને નિસ્વાર્થ પ્રેમનું પ્રતીક હોય છે. શ્રીદેવી – સ્ટારર મોમ એક મૂવી છે જે સાચે જ આ વિચારને પ્રસ્થાપિત કરે છે! પદાર્પણ કરી રહેલ ડાયરેકટર રવિ ઉદ્યાવરમાતાની મમતા અને પોતાના બાળક માટે ન્યાય મેળવવા તે કેટલી હદે જઈ શકે છે તેનું નિરૂપણ કરતાં આ સ્લીક ઝડપથી ચાલતા રીવેન્જ ડ્રામામાં પોતાની સેન્સીબિ લિટિઝ દર્શાવે છે. એન્ડ પિકચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, શનિવાર, ૧૮મી નવેમ્બર ૨૦૧૭ના રોજ રાત્રે ૮ કલાકે મોમનું પ્રીમિયર કરે છે.

મોમ લીજેન્ડરી અભિનેત્રી શ્રીદેવીનું ૫ વર્ષના અંતર પછી પોતાની ૩૦૦મી ફિલ્મ માટે પાછા ફરવાનું પણ ચિહ્ન છે. આઈકોનિક અભિનેત્રીની સાથે આ માસ્ટરપીસ ખૂબ જ ચચિત સ્ટાર નવાઝુદ્દિન સિદ્દીકી અને અક્ષય ખન્નાની સ્ટાર ગૂંથણીનું પણ નિરૂપણ એકટર્સ સેજલ અલી અને અદનાન સિદ્દીકીના ચમત્કૃત કરતી ભૂમિકાઓમાં કરવા સાથે કરે છે.

'એક દિવાના થા' નો નવો હિરો

શાંતિ શાહ

'એક દિવાના થા'ના આગામી એપિસોડમાં, શોનો સૌથી વધુ પ્રિય સભ્ય, એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા જોવામાં આવ્શે. તે મજા-પ્રેમાળ લેબ્રાડોર અને શોના નિર્માતાનું પાળેલું પ્રાણી, પ્રતિક શર્માનો પાળેલું પ્રાણીનો ટ્રેનર્સ છે. નવાબે ભારતીય ટેલિવિઝન પર પ્રથમ બ્રેક મેળવ્યો, જ્યારે પ્રતિક શોમાં તીક્ષ્ણ દાંત માટે નજર દોડાવી રહ્યા હતાં ત્યારે તેના વિશે ખબર પડી. ટૂંકા ગાળામાં, નવાબ સ્ટાર-કાસ્ટ નમીક પૌલ, વિક્રમ ચૌહાણ અને ડોનલ બિશ્તનો નવો શ્રેષ્ઠ મિત્ર બની ગયો છે અને સમગ્ર કાસ્ટ અને ક્રૂનો તમામ પ્રેમ અને ધ્યાન મેળવે છે. વિરામ દરમિયાન, ક્રૂ તેની સાથે આસપાસ રમતાં અને તેમને લાડ લડાવતાં દેખાય છે.

નવાબ આ શોમાં શરણ્યાનો સતત સાથીદાર બનશે અને શિવ અને શરણ્યાની વચ્ચે એક મહત્વનો કડી હશે.

મારું રમુજી સ્વરૂપ પણ જોવા મળશે : રઘુરામ



મનોરંજનની દરેક વસ્તુ માટે એકમાત્ર જગ્યા કલર્સનો આવી રહેલ ટેંટપેલ નોનફિકશન શો "એન્ટરટેનમેન્ટ કી રાત" નવા સે"મેન્ટ, નવા કલાકારો અને અ"ાઉ કયારેય જોવા મળેલ ન હોય હોય તેવા કન્ટેન્ટ માટે પૂરી તાજ"ીનો વાયદો કરે છે. આ શોમાં કોમેડી, સં"ીત, સેલિબ્રિટી મહેમાનોની લાંબી સૂચી છે, જે આને દેશભરના દર્શકો માટે સાચે જ મનોરંજક ઘટના બનાવશે. ઘણી પેડીઓથી જોડાયેલા અને ભારતીય ટેલિવિઝનના કેટલાંક સૌથી ચહેતા ચહેરા નજર આવશે. "એન્ટરટેનમેન્ટ કી રાત"માં અન્ય લોકોની સાથે રઘુ રામ પણ દેખાશે. આ શોની સાથે પોતાની ભૂમિકા અં" વાત કરતાં રઘુ કહે છે, "ટેલિવિઝન પર કોમેડીના નામ પર કાં તો સ્ક્રીપ્ટ અથવા તો સ્ટેન્ડ-અપને જ દેખાડવામાં આવે છે, પણ કલર્સના શો ના માધ્યમ વડે એન્ટરટેનમેન્ટની પરીભા"ાને વધુ વ્યાપ મળશે. આ શો માં મનોરંજનના કેટલાંય શેડસ જોવા મળશે અને આને એક નવા સ્તરે લઈ જશે."તેઓ આ"ળ જણાવે છે, "મારી જે પણ છબી છે, તે એમ ટીવી રોડીઝ વડે જ બની છે. હું મારા એરોન્સ અને કંન્ટેન્સ્ટન્ટનું અપમાન કરવા વાળા તરીકે જાણિતો હતો, પણ આ શોમાં મારી રમૂજી છબિ પણ લોકોને જોવ મળશે." ત્યાં જ તેઓ પડકારો બાબતે વાત કરતાં કહે છે, "આ શોમાં નોન કોમેડિયન પણ દેખાશે. આવામાં મારા માટે પડકાર એ છે કે મારી પાસે જે પણ પર્સનાલિટી હાજર હશે, તેમાંથી વધુમાં વધુ કોમેડી બહાર લાવી શકું."

દિવ્યજયોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

સુવાકયો

નાનું અમથું અભિમાન પણ મોટી ભુલ કરાવી દે છે.
આપનારનું હૃદય ભેટને વ્હાલી અને કીંમતી બનાવી દે છે.
કાયર ત્યારે જ ધમકી આપે છે જ્યારે એ સલામત હોય છે.
હૃદયથી દરેક માનવી કવિ હોય છે.
પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની બધી જ શકિત સાથે કામે લાગી જવુ દસમાંથી નવ વખત આ સફળતાનો આધાર છે.
વિચારવો વધુ, બોલજો ઓછું અને લખજો થોડુંક જ.
રાજા હોય કે ખેડૂત સહુથી વધુ સુખી એ છે કે જે પોતાના ઘરમાં શાંતી મેળવે છે.

આરાધના **નાથાલાલ બ્રહ્મક્ષત્રીય**

આપણે જાગીએ છીએ કે સુતેલા તેની ખબર કેવી રીતે પડે ?

અમારાં પુત્રવધુ રેખાએ દુધની મલાઈ ભેગી કરીને ગેસના સ્ટવ ઉપર ઘી બનાવવા માટે ગરમ કરવા મુકી. તપેલી સારી, જાડી અને મજબુત હતી જેથી એકાદ કલાકની આ પ્રોસેસમાં કોઈ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખેલું. ખાસું અડધો કલાક જેવોસમય તો તે સ્ટવની આજુબાજુ અન્ય કામગીરી પતાવી રહી અને તાવણીથી ખબર રાખતી રહી પરંતુ એના બે બાળકો બહુ જ ધમાલીયા હોવાથી તેને જપાડવા કયાંક આડીઅવળી થઈ. એ વખતે હું સમાચારપત્ર વાંચી રહ્યો હતો. મતલબ કે હું જાગતો હતો રેખા અંદરના રૂમમાં જઈને કયારે સુઈ ગઈ તેને અમને કોઈનું ધ્યાન ન રહ્યું.

થોડીવારમાં કાંઈક ધાણી જેવું શેકાતું હોય તેવી મને વાસ આવી આમ તો નાક તીવ્ર વાસને જલદી ગ્રહણ કરે છે તેથી હું સમાચારપત્ર મુકીને ઉભો થયો મારા પડોશમાં ઘરમાં ધાણી શેકાય છે કે શું તેમ વિચારીને આજુબાજુ ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો પણ સફળતા મળી નહીં. હું પાછો સમાચાર પત્ર વાંચવામાં તલ્લીન બની ગયો. વાસ તો તેની તીવ્રતા પ્રગટ કરતી હતી પરંતુ હું નિશ્ચિંત બનીને છાપું વાંચતો રહ્યો તે તરફ બેધ્યાન હતો.

મારા પુત્રવધુ એકદમ જાગ્યા, હાંફળા ફાંફળા રસોડા તરફ ગયા. સ્ટવ ઉપર બળી ગયેલી ઘીની તાવણીની તીવ્ર વાસ ધુમાડો તેને બેચેન કરતા હતા તે તેના ચહેરા ઉપર વર્તાતું હતું. તેના પછતાવાનો કોઈ પાર ન હતો. મનોમન ગણતરીકરતી હતી લગભગ એક કીલોથી વધારે શુદ્ધ ઘરનું ઘી બનવાનું હતું તે બળીને રાખ થઈ ગયું હતું. તે બે રીતે ચિંતા કરતી હતી એક તો આર્થિક નુકશાન કે જે ઘી દેતે પૈસે પણ શુદ્ધ તો નથી જ મળતું તે ગુમાવવાનું દુઃખ અને બીજું પોતે સુઈ ગઈ તેનું દુઃખ.

હવે મુખવાત કરીએ રેખા તો જાણે થાકીપાકી સુઈ ગઈ હતી તેથી તેની ભુલ ક્ષમ્ય છે પરંતુ હું તો જાગતો બેઠો હતો ને ? હવે ખરેખર હું જાગૃત હોત તો મેં મારા રસોડામાં તપાસ કરી હોત. કાંઈક શેકાવાની, બળવાની વાસ તો મને આવતી જ હતી પરંતુ મારૂં ધ્યાન મારા ઘરના રસોડા તરફ ન ગયું અને આજુબાજુ કયાંક કશુંક દાઝે છે તેવા વિચારોએ મને પકડી લીધો હતો. જેના ફળ સ્વરૂપે અમારે આ દાઝી ગયેલી ઘીનું

અનુસંધાન પાના નં.૬ ઉપર

નિયતં સઙગરહીતમરાગ દ્વેષતઃ કૃતમ્ ।
અફલપ્રેપ્સુના કર્મ યત્તસાત્વિકમુચ્યતે ।।

સાંખ્યશાસ્ત્ર પ્રમાણે જ્ઞાન, કર્મ અને કર્તાના સત્વ, રજસ અને તમસ એવા ગુણભેદથી ત્રણ ત્રણ પ્રકાર થાય છે. પ્રકૃતિના ત્રણે ગુણોને ગીતાએ સ્વીકાર્યા છે. એટલું જ નહીં એ ત્રણેય ગુણોમાં વિભાગીકરણ કરીને દરેકના ગુણધર્મો પણ વર્ણવ્યા છે. આગળના ત્રણ શ્લોકમાં ત્રણ પ્રકારના જ્ઞાનની ચર્ચા કર્યા બાદ હવે ત્રણ પ્રકારના કર્મ પ્રતિપાદનમાં પ્રથમ 'સાત્વિક કર્મ' નું વર્ણન કરતાં કહે છે કે :

નિયતં સઙગરહીતમરાગ દ્વેષતઃ કૃતમ્ ।
અફલપ્રેપ્સુના કર્મ યત્તસાત્વિકમુચ્યતે ।। ૧૮-૨૩ ।।

'ફળ મેળવવા નહીં ઈચ્છનારાએ ફળની લાલસા વિનાના માણસે (અફલેપ્રેપ્સુના), આસક્તિ રાખ્યા વગર અનાસક્ત-અભિમાનરહીત (સઙગમરહીતમ્) રાગ દ્વેષ રહીત (અરાગદ્વેષતઃ) કરેલું (કૃતમ્) નિયત-શાસ્ત્રવિધિથી યુકત (નિયતમ્) જે કર્મ (યત્ કર્મ) તે (તત્) સાત્વિક (સાત્વિકમ્) કહેવાય છે. (ઉચ્યતે)'

આ શ્લોકમાં સાત્વિક કર્મની વ્યાખ્યા આપવામાં આવી છે. જે નિત્ય કર્મ છે, નિયમપુર્વક શાસ્ત્રવિધિથી કરવામાં આવે છે, સંગરહીત છે, રાગ-દ્વેષ રહીત થઈને, ફળની ઈચ્છા રાખ્યા વિના કરવામાં આવે તે સાત્વિક છે.'અર્થાત કર્તવ્ય તરીકે નિયત થયેલું કર્મ આસક્તિ રહીત અને રાગદ્વેષ વિનાનું થઈને ફળની ઈચ્છા વગર મનુષ્ય કરે તેને 'સાત્વીક કર્મ' કહે છે. અહીં ચાર પ્રકારના કર્મની વાત કરવામાં આવી છે. ૧. શાસ્ત્રવિધિથી નિયત કરેલું હોય ૨. કર્તાપણાના અહંકાર સિવાય કરેલું હોય, ૩. રાગદ્વેષથી પ્રેરાય સિવાય કરેલું હોય અને ૪. નિષ્કામ ભાવથી અર્થાત ફળની આસક્તિ રહીત કરેલું હોય તે સાત્વિક કર્મ કહેવાય છે.

જે વ્યક્તિ માટે વર્ણ અને આશ્રમ અનુસાર જે પરીસ્થિતિમાં અને જે સમયે શાસ્ત્રોએ જે પ્રકારે કરવાનું કહ્યું છે તે પ્રકારનું કર્મ નિયત થઈ જાય છે. નિયતં કર્મ એટલે નિત્ય કર્મ, વર્ણાશ્રમમાં નિર્દેશેલ યજ્ઞ, દાન, તપ વગેરે કર્મ શ્લોકમાં પ્રયોજાયેલ 'નિયતમ્ પદ' થી એક તો કર્મોનું સ્વરૂપ બતાવ્યું છે અને બીજું શાસ્ત્રનિષિધ્ધ કર્મનો નિષેધ થયો છે. સઙગરરહિતમ્ પદથી કર્તૃત્વાભિમાન રહીત હોવાની વાત કરી છે.જયારે આ અધ્યાયના શ્લોક ૯ મા કહ્યા પ્રમાણે ત્યાગ અર્થાત કર્મયોગમાં સઙગ્ ત્યકત્વા ફલં ચૈવ પદોથી આસક્તિ તથા ફળની ઈચ્છા રહીત હોવાની વાત કરી છે. સઙગરહિતમ્ પદનું તાત્પર્ય છે કે 'નિયત કર્મ કર્તૃત્વાભિમાન રહિત થઈને કરવામાં આવે.

શ્લોકમાં પ્રયોજાયેલ અરાગદ્વેષતઃ કૃતમ્ પદોનું તાત્પર્ય એ છે કે રાગ દ્વેષથી રહીત થઈને કર્મ કરવામાં આવે એટલે કે કર્મોનું ગ્રહણ રાગપુર્વક ન હોય અને કર્મોનો ત્યાગ દ્વેષપૂર્વક ન હોય તેમજ કર્મ કરવા માટે જેટલાં પણ સાધન (શરીર, ઈન્દ્રીયો, અંતઃકરણ વગેરે) છે. એમાં પણ રાગ દ્વેષ હોવો જોઈએ નહીં. આ પદથી વર્તમાનમાં રાગનો અભાવ બતાવ્યો છે. 'અફલ પ્રેપ્સુ' ના એટલે ફળની ઈચ્છારહીત પુરૂષ આ પદથી ભવિષ્યમાં રાગનો અભાવ બતાવ્યો છે. આ પદનું તાત્પર્ય એ છે કે ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ફળની ઈચ્છાથી રહીત મનુષ્ય દ્વારા કર્મ કરવામાં આવે અર્થાત ક્રિયા અને પદાર્થોથી નિર્લિપ્ત થઈને અસંગતાપુર્વક કર્મ કરવામાં આવે તે સાત્વીક કર્મ કહેવાય છે.

જયારે સાત્વિક વ્યક્તિ કર્તાપણાના અહંકાર સિવાય, રાગ દ્વેષથી પ્રેરાયા સિવાય સમષ્ટીના કલ્યાણ માટે નિષ્કામ ભાવથી, ઈશ્વર પ્રીત્યર્થે શાસ્ત્ર વિધિથી નિયત થયેલાં જે કર્મો કરે છે ત્યારે તેને સાત્વિક કર્મ કહેવાય છે.

સ્ત્રી, પુત્ર, ધન વગેરે ફળની ઈચ્છા-લાલસા રાખ્યા વિના પુરૂષે આસક્તિ રહત રાગદ્વેષ વિના શ્રુતિ સ્મૃતિથી અવશ્ય કર્તવ્યરૂપે કરાતાં વિહીત કર્મ કે વર્ણાશ્રમવિહિત કર્મ કરવામાં આવે તેને સાત્વિક કહે છે. આ શ્લોકમાં દર્શાવેલ ફલેચ્છારહીતતા, આસક્તિરહીતતા તથા રાગદ્વેષ રહીતતા સાત્વીક કર્મના મુખ્ય લક્ષણો છે.

અધ્યાત્મ **૫૯૦** **પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ**

જીવન દર્શન **ભગવાનદાસ બંધુ**

શિક્ષણ, નેચરોપેથી, જયોતિષશાસ્ત્ર, રેકી માસ્ટર એમ વિવિધ વિષયોના ઉંડા અભ્યાસુ અને નિજાનંદી એવા ભાભરના પોપટલાલ રતાણી (ઠક્કર)

આ દુનિયામાં ઘણાં બધાં સારા-સારા માણસો વસવાટ કરે છે. કેટલાક માણસો તો જાણે કે આ દુનિયામાં કંઈક આપવા માટે જ આવ્યા હોય તે રીતે સૌને ઉપયોગી નીવડે છે. મુળ વિરમગામના વતની અને હાલે ભાભર ખાતે રહેતા રતાણી પોપટલાલ તેજારામ (ઠક્કર) એક મળવા જેવા, માણવા જેવા, જાણવા જેવા અને મ્હાલવા જેવા માણસ છે. તા.૨૬-૩-૧૯૪૪ ના રોજ પિતા તેજારામજી સુંદરજી રતાણી અને માતા શ્રીમતી ગોદાવરીબેનના પરિવારમાં વિરમગામ ખાતે જન્મેલા પોપટલાલ રતાણી સંસ્કૃત સાથે એમ.એ.થયેલા છે. અમદાવાદ ખાતે એમ.એડ.કરનાર પોપટભાઈને સાંભળીએ કે તેમની પાસેથી શિક્ષણ, અધ્યાત્મ, સેવા, નેચરોપેથી, જયોતિષ, રેકી, પાયરાવાસ્તુ, મેડીકલ એસ્ટ્રોલોજી વિગેરેની વાતો સાંભળીએ ત્યારે ખરેખર આનંદ, નિજાનંદ, પરમાનંદ અને નિત્યાનંદની દિવ્ય અનુભૂતિ થાય.

મારા પરમ આદરણીય ગુરૂ થરાસ્થિત નિરંજનભાઈ ઠક્કર (નિવૃત્ત પ્રિન્સીપાલ-થરા હાઈસ્કુલ) પાસેથી રતાણી સાહેબ વિશે જાણકારી મળી. ત્યારબાદ તાજેતરમાં ગુરૂવાર તા.૯-૧૧-૧૭ ના દિને એક સામાજીક કામે મારા વકીલ મિત્ર રાજેશભાઈ ઠક્કર સાથે રાધનપુર થઈ ભાભર જવાનું થયું અને તે વખતે પોપટભાઈ રતાણીજીને (મો.નં. ૯૯૦૪૬૫૮૮૫) તેમના નિવાસસ્થાને તિરૂપતિનગર ખાતે મળવાનું થયું ત્યારે તેમની વિવિધ વિષયો ઉપરની વાતો સાંભળીને અતિશય આનંદ થયો. શ્રીમતી ભગવતીબેન (મુંબઈ) શ્રીમતી પ્રતિમાબેન (રાધનપુર) અને શ્રીમતી કલ્પનાબેન (આકોલા-મહારાષ્ટ્ર) એમ ત્રણ બહેનોના ભાઈ પોપટભાઈ રતાણી ૭૪ વર્ષની ઉંમરે પણ એક નવયુવાનને શરમાવે તેવું નિજાનંદી જીવન જીવે છે. તેમનાં ધર્મપત્ની હસુમતીબેન પરમ પિતા પરમાત્માને પ્યારાં થઈ ચૂકયાં છે. અર્ણવભાઈ, સંધ્યાબેન, દીપીકાબેન અને વરદભાઈ એમ ચાર બાળકોના પિતા પોપટભાઈએ પોતાની જીંદગીને આગવી રીતે જ પસાર કરી છે.

એસ.એસ.સી.થયા પછી તરત જ શિક્ષકની સેવામાં જોડાયા. માંડલ, કલ્યાણપુરા, ચંદ્રાલા, વિરમગામ એમ વિવિધ શાળાઓમાં માધ્યમિક શિક્ષક તરીકે પ્રેરણાદાયી સેવા બજાવી સરખેજ સાર્વજનિક માધ્યમિક શાળામાં તેઓ પ્રિન્સીપાલ તરીકે જોડાયા હતા. લોજીક અને સાયકોલોજી મુખ્ય વિષયો તેઓ ભણાવતા હતા. એ.જી.ટીસર્ચ કોલેજ અમદાવાદ ખાતે મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે ૧૧ વર્ષ સેવા બજાવી ૫૭ વર્ષની ઉંમરે તેઓ સ્વૈચ્છિક રીતે સેવા નિવૃત્ત થયા. એકાદ વર્ષના વિરામ બાદ ફરીથી તેઓ દક્ષિણ ગુજરાતના વાલીયા તાલુકાના થવા ખાતે સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં જોડાયા. મહેસાણા જિલ્લાની રણેલા બી.એડ. કોલેજ અને સિદ્ધપુર તાલુકાની સુજાણપુર ખાતેની કોલેજમાં સેવા આપી તેઓ ૬૫ વર્ષે સાચા અર્થમાં પૂર્ણ નિવૃત્ત થયા.

નિવૃત્તિ પછી પણ તેમણે વિદ્યાઅભ્યાસ ચાલુ રાખ્યો. જયોતિષશાસ્ત્ર,નેચરોપથી, રેકી માસ્ટર, પાયરાવાસ્તુ, એક્ષપર્ટ વિગેરેનો અભ્યાસ કર્યો અને હાલે તેઓ મેડીકલ એસ્ટ્રોલોજીનો અભ્યાસ કરી રહેલ છે. તેમની લાયબ્રેરીમાં ૩ (ત્રણ) લાખ રૂપિયાનાં પુસ્તકો છે. બધા જ ધર્મોનાં પુસ્તકો તેમણે વાંચ્યા છે. રામાયણ, મહાભારત, ગીતા ઉપરાંત કુરાન અને બાઈબલનો પણ તેમણે અભ્યાસ કર્યો છે. ઓશો રજનીશને તેઓ ખાસ માને છે. ગુજરાત અને દેશમાં અનેક સ્થળોએ તેઓ ફર્યા છે પણ નર્મદા નદીને કીનારે આવેલ માલસર પવિત્રધામ તેમને ઘણું ગમ્યું છે. અમદાવાદમાં ૨૫૦ આજીવન સભ્યો ધરાવતું આધ્યાત્મિક મંડળ પ્રાર્થના પરિવારના પણ તેઓ આજીવન સભ્ય છે. પૂ.ડોંગરેજી મહારાજના તેઓ ચાહક છે અને પૂજ્ય મોરારીબાપુને સાંભળવાથી તેમને આનંદ આવે છે. અડાલજ સ્થિત દાદા ભગવાનની જગ્યાએ તેઓ અવારનવાર જાય છે અને દિપકભાઈ દેસાઈ પાસેથી બોધ લીધેલ છે. જ્યાં જ્યાંથી કંઈક જીવનલક્ષી સારૂં મળે તો તે મેળવવું અને જિજ્ઞાસુઓ સુધી તે પહોંચાડીને રાજી થવું તેવી તેમની નિઃસ્વાર્થ અને નિખાલસ ભાવના છે.

રોજ સવારે પાંચ વાગે જાગી યોગા અને માળા કરી, નિત્યક્રમ પતાવી સત્સંગીઓ સાથે સત્સંગ કરી તેઓ રમણ મહર્ષિ અને મહર્ષિ અરવિંદ ઘોષના જીવન અને પુસ્તકો ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરે છે. ભણ્યો, ભણાવ્યો અને કમાયો અને ભરપૂર આનંદ માણ્યો તેવી લાગણી ધરાવતા પોપટભાઈ રતાણી તેમના નિવાસસ્થાને આવતા અનેકજનોને જન્મકુંડળી કે હસ્તરેખાના માધ્યમથી સ્પષ્ટ માર્ગદર્શન પુરૂં પાડે છે. તેમને મળવા માટે કે અભિનંદન આપવા માટે તેમનો મો.નં.૯૯૦૪૬૫૮૮૫ છે. ૭૪ વર્ષની ઉંમરે પણ આગવી સ્ફૂર્તિ અને આગવો મિજાજ ધરાવતા પોપટભાઈ રતાણીને મળવું એ જીવનનો એક અમૂલ્ય લ્હાવો છે. સંઘર્ષ, સમજણ, સાહસિકતા, સૌજન્યશીલતા, સાહજીકતા, સરળતા, સફળતા અને સંવેદનાના પ્રતિક સમા પોપટભાઈ રતાણીના જીવનમાં શિક્ષણ, સેવા અને અધ્યાત્મ બરાબરના ગુંથાયેલા છે. આગામી દિવસોમાં ઓશો રજનીશને લગતાં પુસ્તકો અને પ્રવૃત્તિઓનો પ્રચાર કરવો એ જ એમનું જીવન લક્ષ્ય છે. જુદા જુદા વિષયો ઉપર રોટરી કલબ, લાયન્સ કલબ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જલારામ ટ્રસ્ટ, ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓએ તેમને આમંત્રિત કરી તેમની શક્તિ અને જ્ઞાનનો લાભ લેવા જેવો છે. પોપટભાઈ રતાણીના જીવનકાર્યને આદર અને અદબપુર્વક વંદન, અભિનંદન અને તંદુરસ્ત શેષ જીવન માટે પણ હાર્દિક શુભકામનાઓ.

ભગવાનદાસ બંધુ
મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

મત સોચો દિન રાત પાપ મેં, મનુજ નિરત હોતા હૈ !
હાય પાપ કે બાદ વહી તો પછતાતા રોતા હૈ !!

ચિંતન **યશપાલસીહ ટી.વાઘેલા**

રાજકારણ અને ધર્મ સંપ્રદાય અને પરિવાર આ બધું તેની વ્યાખ્યા, સિદ્ધાંતોમાં શ્રેષ્ઠ જ છે. કયાંય કોઈ ખરાબ બને છે તો તેને જોવાની દ્રષ્ટીને વ્યાખ્યા, સિદ્ધાંતોનો અર્થ બદલીને એકબીજાને બીબાઢાળ બનાવી રજુ કરનારને સમજનારથી ખોટી માન્યતા એકબીજામાં ઉભી થાય છે. ભારતીય અર્થતંત્રમાં પણ કંઈક આવું જ થયું છે. લોકો પોતાનો વેપાર ધંધો જમાવવા અવનવી ટ્રીપ અપનાવે તેમ ધર્મ રાજકારણમાં ટકવા માટે એકબીજાનો દુરૂપયોગ કરે છે ને છેવટે તો બદનામ ધર્મ અને રાજકારણ, સંપ્રદાય અને પરિવાર જ બને અને તેમાંય જ્યારે વાદવિવાદનું સ્વરૂપ બનાવી પોતાની ખીચડી પકવવાના પ્રયત્નો થાય તે દેશ માટે જ નહીં જીવ માત્ર માટે ઘાતક બને છે. આતંકવાદ,કોમવાદ નકસલવાદ એ આવા વિવાદમાંથી ઉભરી આવેલી વિકૃતિ જ છે. ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે તેને જે સમજી સમજાવી શકે એ જ સાચો સંત, ધર્મ ગુરૂ મહાત્મા બની જાય છે. આ કોઈ ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલી હકીકત નથી બુમાબુમ વિકૃતિઓને જોઈને કરવાની જરૂર નથી. તેને પેદા કરવાનો કયાંકને કયાંક હાથ આપણો પણ છે. એટલે જો સાચી દિશા દશાનું જીવન જીવો તો કયારેય આવા પ્રકારની વિકૃતિઓ સામે આવે તોય ભોગ બનવું પડતું નથી. રાજકારણ એ જેને દેશની શાસન વ્યવસ્થા માટે યોગ્ય છે પણ તેમાં ધર્મ, સંપ્રદાય, પરિવારને હાથો બનાવીને જે પ્રયત્ન થાય તેનાથી અનેક ભૂકંપરૂપ ઘટનાઓ જોવા સાંભળવા મળે છે. પણ છેવટે શું ? ભાજપ-કોંગ્રેસ જનતાદળ, લોકદળ, સ્વતંત્ર પાર્ટી, જનસંઘ, આપ, શિવસેના, જનવિકાસ મોરચો જેવા અનેક પક્ષો પ્રજા વચ્ચે ઘુમરીયા મારે છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થાય તો લોકશાહીમાં લોકોના નામે એક નવો પક્ષ રચી દો..

જયશ્રીકૃષ્ણ નામની એક ટુંકી કટાક્ષકથા વર્ષો પહેલાં બનાવી હતી જેમાં ચૂંટણીમાં એક પાર્ટીના નેતા પ્રજા વચ્ચે પોતાનો પ્રચાર કરતા હતા ત્યાં તેમને સામી પાર્ટી તરફથી કરોડોની ઓફર મળીને નેતા ફુટી ગયા. પ્રજાને હવે કહેવું પણ શું ? વહેલી પરોઢીયે તેઓ ગામના ગોંદરે આવેલ મંદિરના ઓટલે બેસી ગયા ને સર્વત્ર વિનાશનો ભોગ બન્યા હોય તેવો આ નાટકીયા નેતાએ દેખાવ કર્યો. સવારે શૌચાલય કે દેવ દર્શનાર્થે જતા લોકો અચાનક પોતાના નેતાના આવા હાલ જોઈને ઉભા રહેવા લાગ્યા. ધીમેધીમે વાત આખા ગામમાં પહોંચીને ગામ આખું ભેગું થાય છે. નેતાજીને બધા વિનંતી કરે છે કે શું થયું અમને કહો ત્યારે નેતાજી ગદગદીત ચહેરાથી લોકોને કહે છે આજે તો બારના ટકોરે શામળીયા દ્વારકાધીશ, શ્રીકૃષ્ણ મારા સ્વપ્નમાં આવ્યા ને બોલ્યા ઘણા વર્ષોથી તું આ પાર્ટીમાં રહી લોકોની બહુ કામ કરી શકયો નથી. તેથી હું તને આજ્ઞા કરૂં છું કે તું સામેની પાર્ટીમાં જા.. હું પ્રજાની માનસિકતા બદલી નાખીશ. પ્રભુ મને મારા હીતનું, ગામલોકો,તાલુકાજનોએ આ પાર્ટીમાં રહીને કામ કરવાનું કહ્યું છે તું તેની ચિંતા છોડ સવારે મારા મંદીરના ઓટલે આવીને બેસી જજે ને મારા સ્વપ્નાદેશની હકીકત જણાવજે મારા પ્રિય ગ્રામજનો, હું આ આદેશનુસાર અહીં આવ્યો છું મારૂં મને સામેની પાર્ટીમાં જવાનું કયારેય વિચારતું નથી. તમારો વિશ્વાસ હું ના તોડી શકું પણ શામળીયા મારા કાળીયા ઠાકોરનો આદેશ છે પ્યારા લોકસેવકની વાતમાં આવી ગયા ને ? ગદ્દગદીત થઈને બોલી ઉઠે છે જયશ્રીકૃષ્ણ નેતાજી, પાટલી બદલી ને અન્યત્ર જાય છે. આવા કિસ્સાઓ સત્તાની નજીક રહે છે પણ વિચારે કોણ ? વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણીનો માહોલ હજુ બરાબર જામતો નથી છતાં ભાજપ-કોંગ્રેસે ઉમેદવારની પસંદગી પહેલાં ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર ચાલુ કર્યો છે ટોપી પહેરવાનું ને પહેરાવવાનું શરૂ થયું છે. કયાંક સફેદ, તો કયાંક ભગવી તો કયાંક ઝાડુવાળી તો કયાંક વિકાસવાળી મતદારો ને યેનકેન પ્રકારે 'ટોપી' પહેરાવવી છે. આપણને કયારેય ટોપી બોપી ફાવતી નથી છતાં પાર્ટીનો આદેશ છે એટલે બીજાને ટોપી પહેરાવવા આપણે ટોપી પહેરી ચુકયા છીએ તેવો દેખાડો તો કરવો જ પડે ને ? મૌન મોહનસિંહને બોલતા બહુ ગર્જતા સિંહ ચૂંટણી પ્રચારનું માધ્યમ બન્યા છે. ગત આઠમી નવેમ્બરે રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ ની ચલણી નોટ બંધ થયાને એક વર્ષ થયું હવે સાચી હકીકત પ્રજા વચ્ચે જઈને જુઓ તો એવી સ્થિતિ બહાર આવી રહી છે કે કાળું નાણું ને ડુપ્લીકેશ ? અંગે કંઈ ન થયું પણ ભારતીય ચલણ પરથી લોકોની વિશ્વસનીયતા ઓછી થઈ છેતે

અનુસંધાન પાના નં.૬ ઉપર

શઠે શાઠ્યં સમાચરેત્

શ્રદ્ધા અને **સંસ્કાર**

ગતાંકથી ચાલુ

'તો પિતાજી ! આપ ભોજન તો ઘરમાં આવીને જ કરશો ને ? અને તે વખતે ચોરો આવી જશે તો ? નાના છોકરાએ પ્રેમથી પુછ્યું.

હું પણ આ જ વિચારમાં હતો પણ મને રસ્તો મળી ગયો છે. ઘાસના ઢગલામાં હું થોડાં ફળો લઈને છુપાઈ જઈશ..તમે ચિંતા ના કરો, અહીંનું હું બધું સંભાળી લઈશ. જલદીથી તમે જાઓ બધા જતા રહ્યા છે.. પિતાજી આજ્ઞા અનુસાર બંને છોકરાઓ ગામવાળાની પાછળ પાછળ બીજે ગામ જતા રહ્યા.

સમાચાર સાચા પડયા. બીજા દિવસે ગામને લુંટવા માટે સવારે લુંટારાઓ આવ્યા.. રામગુપ્તને ઘાસના થોડા આંતરામાંથી બધું જ દેખાતું હતું. એક સાથે ઘણા લુંટારાઓ આવ્યા હતા. દરેક ઘરની અંદર બે બે લુંટારાઓ ઘુસવા લાગ્યા. લુંટારાઓનો નાયક ઘોડા ઉપર જ બેઠો હતો. નાયકનો ઘોડો પણ બરાબર એવી જ જગ્યાએ ઉભો હતો કે તેની જમણી બાજુએ રામગુપ્તનું ઘર હતું અને ડાબી બાજુએ નજીકમાં જ રામગુપ્ત જે ઘાસના ઢગલામાંથી રામગુપ્ત જે ઘાસના ઢગલામાં છુપાયો હતો તે ઘાસનો ઢગલો હતો. ઘાસના ઢગલામાંથી રામગુપ્ત લુંટારાઓની બધી જ હલચલ જોતા હતા. દરેક ઘરમાં ઘુસેલા લુંટારાઓ સંપત્તિ અને સુવર્ણની મોટી મોટી પોટલીઓ બનાવીને નાયકના ઘોડા ઉપર મુકતા. ઘણીવાર થઈ તો પણ ત્રણ ચાર પોટલીઓ જ આવી હતી. ઘણીવાર થઈ એટલે ઘોડા ઉપર બેઠા બેઠા નાયકને કંટાળો આવ્યો. બધા ચોરી કરી રહ્યા છે અને પોતે શાંતિથી ઘોડા ઉપર બેઠો છે. એટલે તેને ય ચોરી કરવા જવાનું મન થયું. તેની નજર બાજુમાં જ રહેલા રામગુપ્તના ઘર ઉપર પડી. ચોરી કરવાના ઈરાદાથી નાયક ઘોડા ઉપરથી ઉતર્યો.. ત્રણ ચાર પોટલીઓને તેણે ઘોડા ઉપર વ્યવસ્થિત કરી કે પડી ના જાય. રામગુપ્તના ઘરનું બારણું ખોલી લુંટારાઓનો નાયક ચોરી કરવા ઘરમાં ઘુસ્યો. જો કે રામગુપ્ત સ્વયમ્ ગરીબ હતો. તેના ઘરમાંથી શું મળવાનું ?

સમયજ્ઞ રામગુપ્તે ઘાસના ઢગલામાંથી નજર કરી તો ચારે બાજુ કોઈ દેખાતું ન હતું. ઘાસના ઢગલામાંથી સહેજ મોંઢું બહાર કાઢયું. કોઈ ચોર કે લુંટારો દેખાતો ન હતો. એકદમ જલદીથી બહાર આવીને ઘોડા ઉપર જે ત્રણ ચાર ધનની પોટલીઓ હતી તે લઈને પાછો ઘાસના ઢગલામાં સંતાઈ ગયા. પોટલીઓ ઉપર રામગુપ્ત પોતે બેસી ગયા અને ઘાસને એકદમ મોટા બે ત્રણ પુળા પોતાની ઉપર નાખી દીધા. કોઈને શક ન જાય એવી રીતે અવાજ કર્યા વિના એકદમ સુનમુન તેઓ રહ્યા. ઘોડાની ઉપરથી ભાર ઘણો ઓછો થઈ ગયો હતો. એટલે બે ત્રણ ઘરની આગળ ઘોડો લીલું ઘાસ ચરવા જતો રહ્યો. રામગુપ્તના ઘરે ચોરી કરવા ગયેલા ચોરે ઘણું શોધ્યું

અનુસંધાન પાના નં.૬ ઉપર

પૂર્વાજન્મની સ્મૃતિ

સૌરભ **બી.કે.નીતાબેન**

પોતાનો પૂર્વાજન્મ યાદ રહેતો હોય છે. ઘણા લોકોને પોતાનું ખુન કરનાર, પોતાને પીડા આપનારને ઓળખી બતાવે છે. પરંતુ આવા કેસમાં બન્ને બાજુ નુકશાન જ થાય છે. સ્મૃતિ હોવાના કારણે સામેના વ્યક્તિ માટે ભાવ બદલાઈ જાય છે. આમ, કોઈ કોઈને પોતાના પૂર્વાજન્મની સ્મૃતિ આવે છે. અને તે પણ કોઈ કોઈ પ્રસંગોજ બધાજ કર્મોને જાણી શકતા નથી. અને કદાચ જાણી પણ લીધું તો થયેલા પાપ કર્મોને નાશ કેવી રીતે કરવાં તેની કોઈ જાણકારી નથી. થઈ ગયેલાં પાપ કર્મોના ફળ સ્વરૂપ પ્રશ્ચાતાપ સિવાય બીજું કંઈ હાથમાં આવતું નથી. આમ કર્મોની સ્મૃતિ ભુલાઈ જવી એ પણ જીવન માટે જરૂરી છે નહી તો ભૂતકાળના જીવનની અસર વર્તમાન જીવન પર પડે છે.

કર્મોની ગતિના વિષયને લઈને ફિલોસોફરોએ ૨ પ્રકારના કર્મો કહ્યા છે. પાપ કર્મ અને પુણ્યકર્મ. પાપ કર્મ એને કહેવાય છે જે કર્મનું ફળ દુઃખ મળે અને પુણ્ય કર્મ કહેવાય જે કર્મનું ફળ સુખ મળે છે. કર્મ કરવું એ ફરજીયાત છે. કર્મથી સન્યાસ લઈ શકાતો નથી. આત્મા શરીર ધારણ કરે એટલે તેને કર્મ તો કરવું જ પડે છે. કર્મ એટલે જે ક્રિયા, બોલવું, જોવું, ચાલવું એ બધાંજ કર્મ છે. પરંતુ કર્મ પાપ કર્મ ક્યારે બને અને પુણ્ય કર્મ ક્યારે બને ? કર્મ કરતા સમયે ખરાબ ભાવ હોય, કામ, ક્રોધ, બોધ, મોહ, ઈર્ષા, અભિમાન હોય તો તે કર્મ પાપ કર્મોના ખાતામાં જાય છે. આવા કર્મોનું ફળ દુઃખ મળે છે. આ પાપ કર્મ છે પોતે પણ દુઃખી થાય છે અને સામેની વ્યક્તિઓને પણ દુઃખ આપે છે. દા.ત.ક્રોધ કરવો, ક્રોધ કર્યા પછી ક્રોધ કરનાર પશ્ચાતાપ કરે છે. જે વ્યક્તિ પણ દુઃખી થયા કરે છે. આમ કોઈ પણ કર્મ વિકાર વશ કરવામાં આવે, અશુધ્ધ ભાવ, અકલ્યાણન ભાવથી કરવામાં આવેલું કર્મ પાપ કર્મ છે.

પુણ્ય કર્મ એટલે શુભ ભાવના શુભ કામના વશ થયેલું શ્રેષ્ઠ કર્મ ગુણયુક્ત વ્યવહાર એ પુણ્ય કર્મ છે. તેમાં પ્રેમ, શાંતિ, સહયોગ, કરૂણા, દયા જેવા અન્ય દિવ્ય ગુણો દ્વારા કરવામાં આવેલુ કર્મ પુણ્ય કર્મ છે. દા.ત. કરુણા, દયાના આધારે કોઈને

અનુસંધાન પાના નં.૬ ઉપર

થરાદના હર્ષ ...

પાના નં.૧ ચાલુ

રહેલી ૨૫ હજાર રોકડ મળીને કુલ રૂપીયા ૧.૨૮ લાખની મત્તાની ચોરી થવા પામી હતી. આ બનાવની મંગળવારની સવારે કનકભાઈને જાણ થતાં તેમણે આ અંગે થરાદ પોલીસમથકમાં આ બનાવની જાણ કરી હતી.આથી પોલીસે દોડી આવી એફ એસ એલ અને ડૉગસ્કવોડની મદદ માંગી વધુ તપાસ હાથ પીએસઆઈ ડી એન શર્માએ હાથ ધરી હતી. કનકભાઈના રૂમમાં રહેલી ચાવીઓની મદદથી તિજોરીના લોક ખોલવામાં આવ્યાં હોઈ આ ધટનામાં કોઈ જાણભેદુ હોવાનો તર્ક પણ ચર્ચાસ્પદ બન્યો હતો. શિયાળાની ઠંડીની શરૂઆત થવાની સાથે જ તસ્કરોએ પોલીસને પડકારતા ઘરફોડ ચોરીના બનાવના પગલે નગરમાં ભય અને ફફડાટની લાગણી ફેલાવા પામી હતી.

બે વર્ષથી...

અનુસંધાન ૨ નુ ચાલુ..

પરિણામે સર્વે નંબર ૫૯ થી ૫૮૧, ૧૧૭, ૧૫૮, ૧૬૩, ૬૨૮ના ભુગર્ભ લાઈનનું જોડાણ ધરાવતા ખેડૂતો સિંચાઈના પાણીથી વંચિત રહેવા પામ્યાછે.જેઓ માત્ર ચોમાસુ સિવાય ખેતી પણ કરી શકતા નથી.ગત જુલાઈમાં આવેલા ભારે વરસાદથી ખરીફ પાક નિષ્ફળ જતાં અને અત્યારે રવિપાક થી વંચિત રહેતા ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળી હતી.આ અંગે વારંવાર નર્મદા વિભાગને રજુઆત કરવામાં આવી હોવા છતાં પણ કોઈ સાંભળતું નથી તેમ જણાવ્યું હતું. આ અંગે કચ્છશાખા નહેર વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જી.આઈ.રાવલનો સંપર્ક કરતાં તેમણે અંદર કંઈક ભરાઈ ગયું હોવાનું જણાવ્યું હતું.જોકે તેને તાકીદે ખોદકામ કરીને રિપેર કરવામાં આવશે તેમ પણ ઉમેર્યું હતું.

રાહુલ ગાંધીએ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને વિવિધ સમાજોનો આક્રોશનો ભોગ સરકાર બની છે જેનો સીધો લાભ લેવા રાહુલ ગાંધી ગુજરાત ઘમરોળી રહ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાતના પ્રવાસે આવેલ રાહુલ ગાંધીની ડીસામાં જંગી જાહેરસભા રાખવામાં આવી હતી જે સભામાં જસરાના સરપંચ મહેશભાઈ દવેની આગેવાનીમાં જિલ્લાભરમાંથી આવેલ બ્રાહ્મણ સમાજના વડીલો અને યુવાનો સન્માન કરવાના હતા પરંતુ સુરક્ષા એજન્સીએ મનમાની દાખવતા આ ભૂદેવો જાહેર સભામાં અગ્રહરોળમાં હતા ત્યારે રાહુલ ગાંધી સભા મંડપમાં પ્રવેશ કરતાં મહેશભાઈ દવેએ રાહુલ ગાંધીનું ધ્યાન દોરતા સુરક્ષાની પરવા કર્યા વગર રાહુલ ગાંધી બ્રાહ્મણોના આર્શીવાદ લેવા આવ્યા અને ત્યાં તેમણે પરંપરાગત વેશભૂષામાં સજ્જ બનેલ બ્રાહ્મણોને જોઈને ગદગદિત થઈ બે હાથ જોડી વંદન કરતાં બ્રાહ્મણોએ કુમકુમ તિલક અને શ્રીફળ ભેટ આપીને આગામી ચુંટણીમાં વીજય બનો તેવા આર્શીવાદ આપ્યા હતા. સુઈગામ - વાવ - ભાભર - થરાદ - દિયોદર - ડીસા સહિતના વિસ્તારોમાંથી બ્રાહ્મણ સમાજ મોટી સંખ્યામાં ઉમટી પડ્યો હતો અને કોંગ્રેસને સમર્થન કર્યું હતું.

ભીલડી ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઠાકોર સેના ભીલડીના કાર્યકરો સુખદેવભાઈ ઠાકોર, હેમજીભાઈ ઠાકોર, રાઠોડ બચુજી (મુડેઠા), કનુભાઈ પટેલ, જયરામભાઈ જોષી, તેમજ જીતુભાઈ જોષી સહિત યુવાનો અને વડીલો તથા કોંગ્રેસના કાર્યકરો દ્વારા રાહુલ ગાંધી અને અલ્પેશ ઠાકોરનું તલવાર, સાફો, ફુલહારથી સ્વાગત કરાયું હતું.

કોંગ્રેસ ઉપાધ્યક્ષ...

અનુસંધાન 3 નુ ચાલુ..

પરેશ ધાનાણી, અલ્પેશ ઠાકોર, જગદીશ ઠાકોર સહિતના મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. ત્યાંથી રોડા, દુધારામપુર તથા રસ્તામા આવતા ગામડાના ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરેલ. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પાટણ શહેરના પ્રગતિ મેદાનમાં પહોંચ્યા ત્યારે ઉપસ્થિત જનમેદનીએ મોબાઈલની લાઈટો ચાલુ કરી ભવ્ય સ્વાગત કરેલ ને વિવિધ પાઘડી શાલ પહેરાવવામાં આવી હતી.

વાવના વાવડી...

અનુસંધાન 3 નુ ચાલુ..

તેમ છતાં કોન્ટ્રાક્ટર એસ્ટીમેન્ટ મુજબ કામ નહી કરે તો તેમણે હાઈકોર્ટના દ્વાર ખખડાવાની ચીમકી ઉચ્ચારી છે. જો કે આ બાબતે આર.એમ. બી વિભાગના ના.કા. ઈજનેર, એલ.વી.બારૈયાનો ટેલીફોન દ્વારા સંપર્ક કરતા તેઓએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે વાવડી ગામે બની રહેલા શૈક્ષણિક સંકુલના કામમાં હલકી કક્ષાની ઈંટો અને મટેરીયલ વપરાશે તો તેને તોડી પાડીશું અને કોન્ટ્રાક્ટરનું બિલ અટકાવી દઈશું.

શૈક્ષણિક સંકુલના કામમાં જવાબદાર તંત્ર પણ યોગ્ય રસ દાખવી કામને ગુણવત્તાયુક્ત બનાવે તેવી સમગ્ર વાવડી ગ્રામજનોની ઉગ્ર માંગ છે. જો રૂપિયા દોઢ કરોડના શૈક્ષણિક સંકુલના મકાનમાં ભારે ગેર-રીતિઓ આચરવામાં આવી તો ટુંક સમયમાં ધરાશાઈ થવાની દહેશત વર્તાઈ રહી છે. તે પૂર્વે જવાબદાર તંત્ર પણ રસ દાખવી કોન્ટ્રાક્ટરને તાકીદ કરે એ જ ગામના જનહિતમાં છે. હાલમાં વાવડી ગામમાં શૈક્ષણિક સંકુલના મકાનનો વિવાદ ચર્ચાના એરણે ચડ્યો છે.

એકલા ભોજન લેવાથી હાઈપરટેન્શન,હાઈ કોલેસ્ટોરલ થવાનું જોખમ વધુ : સર્વે

ન્યુ દિલ્હી

પરિવાર સાથે બેસીને ખાવું જોઈએ એવું ભારતીય પરંપરામાં કહેવાયું છે. જો કે હવે મોડર્ન સાયન્સ પણ કહે છે કે એકલા-એકલા ખાઈ લેવાનું હેલ્થ માટે યોગ્ય નથી સાઉથ કોરિયાના રિસર્ચરોનું કહેવું છે કે જો તમે રોજ એકલા-એકલા જ ભોજન લેતા હશો તો તમને મેટાબોલિક સિન્ડ્રોમ જેવા કે હાઈપરટેન્શન અને હાઈ કોલેસ્ટરોલ થવાનું જોખમ વધી જાય છે. આ જોખમ પુરૂષોમાં વધુ હોય છે.

અમેરિકામાં લગભગ ૨૭ ટકા ઘરોમાં લોકો એકલા જ રહે છે. ૧૯૨૦ની સાલ પછીથી એકલા રહેવાનો ટ્રેન્ડ ખૂબ વધી રહ્યો છે. સાઉથ કોરિયાના નિષ્ણાતોએ અમેરિકા, બ્રિટન અને એશિયાના કેટલાક દેશોનો લાંબા ગાળાનોહેલ્થ-રેકોર્ડ તપાસીને નોંધ્યું છે. કેજે પુરૂષો સવાર-સાંજનું ભોજન એકલા બેસીને ખાય છે તેઓ મેદસ્વી થવાની સંભાવના ૪૫ ટકા જેટલી વધુ હોય છે. દોન્ગુક યુનિવર્સિટીના નિષ્ણાંતોએ લગભગ ૭૭૨૫ લોકોની ખાવાની આદતો અને હેલ્થનો ડેટા નોંધીને એનો સ્ટડી કર્યો હતો. દિવસમાં લગભગ બન્ને ભોજન એકલા બેસીને ખાનારા લોકો કંપની સાથે ખાવા બેસનારા લોકોની સરખામણીએ મેદસ્વિતા, ડાયાબિટીઝ અને હાઈપરટેન્શનના વધુ ભોગ બને છે. જયારથી એકલા રહેવાનો ટ્રેન્ડ વેગ પકડી રહ્યો છે ત્યારથી સ્વાસ્થ્યનું પ્રમાણ કથળી રહયું છે. એકલા જમતા અને એકલા રહેતા લોકોમાં માત્ર ભોજનને લઈને જ નહીં, લાઈફ સ્ટાઈલના જોખમો પણ વધુ હોય છે. સિંગલ લોકો સ્મોકિંગ, આલ્કોહોલ કે અન્ય કોઈ બંધાણ ધરાવતા હોય એવી સંભાવનાઓ પણ વધુ હોય છે.

સ્પાઈસી ખાવાથી બ્લડ-પ્રેશર ઓછુ થાય, વજન વધતું નથી

ન્યુ દિલ્હી

તીખુ ખાવાથી ચરબી ઘટે છે એવા દાવા પશ્રિમી અભ્યાસકર્તાઓએ આ પહેલા પણ કર્યા છે. જો કે ચીનના અભ્યાસકર્તાઓનું કહેવું છે કે તીખુ ખાવાથી બ્લડ પ્રેશર પણ વધતુ અટકાવી શકાય છે. અલબત આમા તીખા મરચાને અને લોહીના ભ્રમણને કોઈ સીધો સબંધ નથી. અમુક સ્વાદની ચીજો ખાઈએ ત્યારે મગજના ચોક્કસ ભાગમાં એનો સંદેશો પહોંચે છે અને સંતુષ્ટી મળે છે અથવા તો એનુ વધુ ક્રેવીંગ થાય છે. ચીનના નિષ્ણાંતોનું કહેવું છે કે તીખાશ અને ખારાશ એ બન્ને સ્વાદની સંવેદના મગજના એક જ ભાગમાં થાય છે. તેમનું કહેવું છે કે તમે તીખું ખાઓ તો સોલ્ટ ખાધા જેવો જ સંતોષ મળે છે અને પછી વધુ સોલ્ટી ખાવાનું ક્રેવીંગ પણ ઘટે છે અને કુદરતી રીતે નમક લેવાની માત્રા પણ ઘટી જાય છે. ચીનની ચોન્ગકીન્ગમાં આવેલી થર્ડ મિલીટરી મેડીકલ સ્કુલના નિષ્ણાંતોએ નોંધ્યું હતું કે મરચામાં રહેલું કેપ્સેસીન કેમીકલ એની ખાસ અરોમાને કારણે ખોરાકમાંની ખારાશને ઉભારે છે.

તીખાશ ન હોય એવા ફુડમાં વધુ નમકની જરૂર પડે છે. જયારે તીખાશવાળી ડીશોમાં ઓછુ નમક હોય તો પણ એ સ્વાદિષ્ટ લાગે છે. બીજું ૬૦૬ ચાઈનીઝ પુખ્તો પર કરેલા પ્રયોગમાં એવું પણ નોંધાયું હતું કે તીખુ ભોજન હોય તો વ્યકિત ઓવરઓલ ઓછુ ખાય છે અને છતા ભુખની સંતુષ્ટી અનુભવે છે. ફિક્કુ ભોજન વધુ ખાધા પછી પણ તૃપ્તી ન થતી હોવાથી વધુને વધુ ખાવાનું મન થાય છે જે વજન અને બ્લડ પ્રેશર બન્ને માટે હિતાવહ નથી.

અડધી રાતે ઊઠીને નાસ્તો કરવાથી હાર્ટ-ડિસીઝ અને ડાયાબિટીઝનું જોખમ વધે : અભ્યાસ

લંડન

પ્રોફેશનલ્સને નોકરી-ધંધા માટે અને સ્ટુડન્ટ્સને વાંચવા માટે રાતે મોડે સુધી જાગવાનું બનતું હોય ત્યારે કંઈક આચરકૂચર ખાવાનુ મન થતું હોય છે. આ આદતથી તરત તો કંઈ ખબર નથી પડતી, પરંતુ લાંબા ગાળે એ હાર્ટ-ડિસીઝ અને ડાયાબિટીઝનું જોખમ વધારે છે. નેશનલ ઓટોનોમસ યુનિવર્સિટી ઓફ મેકિસકોના નિષ્ણાતોનું કહેવું છે કે રાતના સમયે ખાનારા લોકોમાં ટ્રાઈગ્લિસેરોઈડનું પ્રમાણ વધી જાય છે. ઉંદરો પર કરેલા પ્રયોગમાં નોંધાયું હતું કે દિવસે ઓછું ખાતા હોય અને રાતે વધુ ખાતા હોય એવા ઉંદરોમાં રકતવાહિનીઓને ડેમેજ કરે એવું ટ્રાયગ્લિસેરોઈડ વધી જાય છે. આવું આપણા મગજ દ્વારા કન્ટ્રોલ થતી બોડી-રિધમને કારણે થાય છે. જયારે ઉંદરોના મગજમાંથી બોડી-કલોકનું નિયંત્રણ કરતો ભાગ રીમૂવ કરી દેવામાં આવ્યો અને પછીથી અલગ-અલગ ગ્રુપના ઉંદરોને અલગ-અલગ સમયે ભોજન આપીને તેમના લોહીનાં પેરામીટર્સ તપાસ્યાં ત્યારે ચરબીનું પ્રમાણ વધેલું જોવા નહોતું મળ્યું. આ અભ્યાસકર્તાઓનું કહેવું છે કે શરીરમાં ચાલતી જૈવિક ઘડિયાળ શરીરને સ્વસ્થ રાખવા માટેની સિસ્ટમ જાળવે છે. જયારે એ સિસ્ટમમાં ગરબડ થાય છે ત્યારે સ્વાસ્થ્ય પર પણ જોખમો ખડા થાય છે લોહીમાં ફેટના અંશો વધુ માત્રામાં દેખાય છે ત્યારે હાર્ટ-ડિસીઝ, બ્લડ-પ્રેશર અને ડાયાબિટીઝ જેવા લાઈફ-સ્ટાઈલ ડિસીઝનું જોખમ વધે છે. ટૂંકમાં રાતે આચરકૂચર નાસ્તો કરવો કે જમવું એ હેલ્ધી આદત નથી.

ભાજપ શાસનમાં આવ્યા બાદ કોંગ્રેસને વિકાસની યાદ આવી

અમદાવાદ

